
# અધ્યાત્મ




વર્ષ : ૨૩ ડીસેમ્બર : ૨૦૦૧ અંક : ૩

## * વર્તમાન જીવનને માણો *

કર્મો એટલે નથી કરવાના કે એમની મદદથી પરલોક અથવા જન્માંતર સુધારી શકાય. પરલોકને સુધારવાની ભાવના, વૃત્તિ તથા પ્રવૃત્તિ છે તો સારી, પરંતુ એના કેફમાં પડીને અથવા એને આવશ્યકતાથી અધિક મહત્ત્વની માનીને આ લોકને અથવા વર્તમાન જીવન કે જન્મને અન્યાય નથી કરવાનો. આપણે ત્યાં ધર્માનુષ્ઠાનને નામે પરલોકને એટલું બધું મહત્ત્વ આપવામાં આવે છે કે એનો આધાર લેનાર વર્તમાન જન્મ કે જીવનને સુધારવાનો, સત્ત્વશીલ કરવાનો કે ઉદાત્ત બનાવવાનો વિચાર નથી કરતો. સઘળા પ્રયત્નો શરીરને છોડયા પછીની ગતિ પર જ કેન્દ્રિત કરવામાં આવે છે. એ હકીકતને આદર્શ ના કહી શકાય. જે સત્કર્મ કરવાનું છે તે આ જ લોકમાં, આ જ જીવનમાં કરવાનું છે. અને આ જીવનને ઉપર ઊઠાવવા માટે જ કરવાનું છે. આ જીવનને અને જગતને સ્વસ્થ, સુખમય, સમૃદ્ધ, સમુન્નત અને શાંત બનાવવાની વૃત્તિ અને પ્રવૃત્તિનો પરિત્યાગ કદાપિ ના કરવો જોઈએ.

ઉપનિષદ્ જણાવે છે કે જીવવાની ઈચ્છા કરવી જોઈએ, મરવાની નહીં. જીવન જરૂરી છે. જીવન પ્રત્યે નિરાશ થવાથી અને અવજ્ઞાવૃત્તિ કેળવવાથી કશું જ નહીં વળે. જે જીવન ઈશ્વરે આપેલું છે તે ઈશ્વરને માટે અને ઈશ્વરની દૈવી દુનિયાને માટે વપરાવું જોઈએ. એની સફળતા તથા સાર્થકતા એમાં જ સમાયેલી છે. એવું જ જીવન શોભારૂપ છે જે ફૂલની પેઠે ફોરમ આપે છે અને અંતે દેવમંદિરમાં સમર્પિત બને છે. જીવનને કૃતાર્થ કરવાનો બીજો કોઈ માર્ગ નથી. આસક્તિ એક પ્રકારનું મરણ અને અનાસક્તિ જીવન છે. યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૫૧૬૫૫૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| મા સર્વેશ્વરી–(૨) | પ્રો. તરલા દેસાઇ | ૧૧ |
| Personal Obgervations of the Youth Shibir | Shipra Amin | ૨૧ |
| યુવા શિબિરના વ્યક્તિગત તારણો | તંત્રી | ૨૭ |
| કઠોપનિષદ્ (૬) | મહાત્મા યોગેશ્વરજી | ૩૪ |
| અધ્યાત્મનો અર્ક | ડો. બી. જે. જાગાણી | ૩૮ |
| સમાધિપાદ | યોગાચાર્ય શાન્તિકુમાર ભટ્ટ | ૪૪ |
| ભગવાન સાથેનો સંપર્ક કરાવી આપનાર પરિબળો | જ્યોતિબેન થાનકી | ૪૮ |
| શ્રી યોગેશ્વરજીને અર્પણ | હર્ષદ કે. પટેલ | ૫૭ |
| પાઠશાળા 'મા'ની | દક્ષેશ કોન્ટ્રેક્ટર | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રી અંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રી પ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો ડીસેમ્બર ૨૦૦૧ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઇમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
-મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ ડીસેમ્બર-૨૦૦૧ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩૦/૮/૮૧ રવિવાર, ભાદરવા સુદ એકમ, ૨૦૩૭**
**સ્થળ : લેસ્ટર શહેરથી પ્રેસ્ટન શહેરમાં જવા વિદાય.**

આજે સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી દૂધ પીધું. પછી પૂ. શ્રીનો લેખનનો ક્રમ ચાલુ થઇ ગયો.

આજે ૧૧-૧૫ મિનિટે મુલાકાતીઓ બેલ વગાડવા લાગ્યા. પરંતુ પૂ. શ્રીએ કહ્યું, તમે સાડા અગિયાર વાગ્યે જ બારણું ઉઘાડજો. ભલે સૌ બેલ વગાડતા.

સાડા અગિયારે બારણું ઉઘાડયું તો ૨૭બીથી પણ પાંચ ભાઇબેનો પૂ. શ્રીને મળવા આવ્યા હતા. લેસ્ટરના પણ પ્રેમી ભાઇબેનો આવ્યા હતાં.



મુલાકાતીઓમાં એક વૃદ્ધપુરુષ પણ બેઠા છે. તેના હાથમાં દયાનંદ સરસ્વતીનું એક પુસ્તક અને મનુસ્મૃતિ હતાં. વળી એક અંગ્રેજી અનુવાદનું પુસ્તક પણ હતું. તેમણે પૂ. શ્રીને બધાં પુસ્તકો બતાવતાં કહ્યું, આ અંગ્રેજી અનુવાદ શાસ્ત્રોક્ત નથી. આપ દયાનંદ સરસ્વતીના પુસ્તકનો અંગ્રેજી અનુવાદ કરી આપો.

પૂ. શ્રીએ પુસ્તકો જોઇને કહ્યું, “તમે કોઇક પાસે અંગ્રેજી કરાવો. હું જ્યાં જ્યાં સુધારવા જેવું લાગશે ત્યાં ત્યાં સુધારીશ.”

જેમ કે આમાં જણાવ્યું છે કે ગાંધર્વવિવાહ સિદ્ધાંત વિનાના હોય છે, તો એમાં Without શબ્દને બદલે with લખાય એટલે કે ગાંધર્વવિવાહ સિદ્ધાંતવાળા હોય છે. એ રીતે જ્યાં જ્યાં યોગ્ય લાગશે ત્યાં ત્યાં સુધારી આપીશ, જેથી ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધે.

તે વૃદ્ધપુરુષની ઇચ્છા પૂ. શ્રી જ પોતે સારો અનુવાદ કરી શકે એવી હતી, પરંતુ તેમને સંતોષ થઇ ગયો. બીજી થોડી ચર્ચાઓ કરી. તેઓ યજ્ઞો, કથાઓ, લગ્નો કરાવે છે. આર્યસમાજી છે. શ્રી હિન્દુમંદિરને શ્રી સનાતનમંદિર બંનેમાં તેઓ સક્રિય ફાળો આપે છે અને જાણીતા સમાજ સેવક છે.

આજની મુલાકાતમાં આ જ ચર્ચા થઇ. સમય થતાં સૌ વિદાય થયા. ૨૭બીથી આવનારા ભાઇઓ પૈકી એક ભાઇએ પૂ. શ્રી પાસે મંત્ર લીધો હતો, તેઓ પોતાની માળા પૂ. શ્રીના હાથે સ્પર્શ કરાવવા માંગતા હતા. પૂ. શ્રીએ તે ભાવના પૂરી કરી.

આજે ભોજનમાં ખીચડી લીધી. ઉતારા ઉપર આવી આરામ. પ્રેસ્ટન શહેરના મંદિરના મુખ્ય સંચાલક પૂ. શ્રીને લેવા ગઇકાલથી આવી ગયા હતા. તેઓની ગાડીમાં જ પ્રેસ્ટન જવાનું હતું.

અહીંની દરેક ગાડીમાં આગળ અલગ અલગ બે સીટ હોય છે ને પાછળ લાંબી સીટ હોય છે. પૂ. શ્રી પાછળની સીટ ઉપર બેઠા. ૧૩૫ માઇલ દૂર પ્રેસ્ટન શહેર આવેલું છે.

માર્ગમાં મંદિરના વહીવટની, મંદિરના પ્રશ્નોની સંચાલકે પૂ. શ્રી સાથે મુક્તમને ચર્ચા કરી.

લાંબા માર્ગમાં ઠેર ઠેર કમાન આકારના માર્ગ ઉપર જોવા મળ્યા. એક મુખ્ય માર્ગ જેના ઉપર વાહન ચાલુ હોય છે પણ તે માર્ગની બીજી બાજુ જવા માટે કોઇ વાહન વચ્ચે ન આવે તેથી મુખ્યમાર્ગની ઉપર પૂલ બાંધવામાં આવ્યા હતા, જેના ઉપરથી આવ–જા થઇ શકે.

માર્ગની બંને બાજુ જુદાં જુદાં શહેરો આવે તો ત્યાં જવા માટે બાજુમાંથી એક માર્ગ ઉપર જાય ને ત્યાં પેલા પૂલ જેવા માર્ગથી તે શહેરમાં જઇ શકાય, જેથી શહેરનો વાહનવ્યવહાર મુખ્યમાર્ગની વચ્ચે આવે જ નહીં. આ મોટરમાર્ગ ઉપર કોઇ પશુ કે માણસ ચાલતું જોવા ન મળે. માર્ગની બંને બાજુએ વાડથી બંધ કરેલાં વિશાળ ખેતરો દેખાય. એમાં કાળી કે કથ્થઇ રંગની ગાયો ચરતી જોવા મળે. ગાયો સફેદ રંગની ભાગ્યે જ જોવા મળે. ખેતરમાં ગોવાળ દેખાતો ન હતો. મોટરમાર્ગ ઉપર ત્રણ ગાડી જાય ને ત્રણ ગાડી આવે એવી વ્યવસ્થા હતી. માર્ગ એકદમ સીધા. કોઇક જગ્યાએ સહેજ વળાંક આવે તો ત્યાં ત્યાં ગાડીને કામ અંગે પાંચ મિનિટ ઊભી રાખવાની છૂટ હોય છે. તે જગ્યા પણ નિશાનીથી બતાવેલી હોય છે.

શહેરના અંદરના માર્ગ હોય ત્યાં માર્ગ ઉપર જ્યાં પીળા રંગની બે લીટીઓ દોરી હોય ત્યાં ગાડી પાર્ક ન થાય. પણ જ્યાં



જ્યાં તે તૂટક તૂટક દોરી હોય ત્યાં જ ઊભી રાખી શકાય.

ત્રણ કલાકની લાંબી મુસાફરી પછી પ્રેસ્ટન શહેરમાં આવી પહોંચ્યા. લેસ્ટરમાં ચાલીસ હજાર ગુજરાતીઓ વસે છે તો પ્રેસ્ટનમાં ગુજરાતીઓનાં પાંચસો જેટલાં ઘર છે. અહીં મુસલમાનોની વસ્તી વધારે છે.

પ્રેસ્ટન મંદિરથી ત્રીજું જ મકાન જ્યાં પૂ. શ્રી નો ઉતારો હતો. આ ઉતારો સંતો માટેનો સ્વતંત્ર છે. મંદિરે એક મકાન જ ઉતારા માટે ખરીદ્યું છે. માળ ઉપર ત્રણ ઓરડા ને નીચે એક મોટો બેઠકનો ઓરડો ને રસોડું છે.

ઉતારા ઉપર પંદર–વીસ મિનિટ જ રોકાયા, ત્યાં તો બાજુના બોલ્ટન શહેરથી–પાંત્રીસ માઇલ દૂરથી શ્રી વિઠ્ઠલભાઇ ને લક્ષ્મીબેન મળવા આવી પહોંચ્યાં. મંદિરના માજી પૂજારી શ્રી રમેશભાઇ પણ મળવા આવી પહોંચ્યા.

પ્રવચન માટે મંદિરમાં જવાનું બન્યું. મંદિરનું નામ કોમ્યુનીટી સેન્ટર હતું. મંદિરમાં ત્રણ મોટા હોલ છે. મંદિર સાથે એક મોટો હોલ. બીજો હોલ લગ્ન માટે વપરાય. ત્રીજો હોલ ભોજન માટે વપરાય.

મંદિરમાં ખૂબ જ આકર્ષક ને જીવંત લાગે એવી રાધાકૃષ્ણ અને દેવીની મૂર્તિઓ છે. વળી શિવાલય પણ છે. શણગાર પણ ખૂબ સુંદર. જાણે ત્યાં જ બેસી રહીએ એવી ભાવના જોતાવેંત જ મનમાં જાગે.

મંદિરના એ જ ભાગમાં મોટો હોલ જે પ્રવચન ને ભજનો માટે વપરાય. ત્યાં બરાબર મધ્યમાં એક બાજુ એક સુંદર વ્યાસપીઠ ને તેની પાસે બીજી એક બેઠક હતી. પૂ. શ્રી વ્યાસપીઠ ઉપર

ને સર્વેશ્વરી પેલી અલગ બેઠક ઉપર બેઠાં. ચંદન તિલક કરી પુષ્પહારથી સ્વાગત થયું. ગીતાના ભક્તિયોગ ઉપર પૂ. શ્રીનું પ્રવચન શરૂ થયું. પ્રવચન સરળભાષામાં હતું. પ્રવચનબાદ સર્વેશ્વરીએ ભજન ગવડાવ્યું. ત્યારબાદ મંદિરની આરતી થઇ, આરતી બાદ બે ભજનો સૌ બોલે છે પછી પ્રસાદ લઇ પ્રણામ કરી સૌ વિદાય થાય છે.

શ્રી રતિલાલભાઇ જેમણે પૂ. શ્રી પ્રથમવાર ઇંગ્લેન્ડ આવેલા ત્યારે ટિકિટ અંગે મદદરૂપ થયેલા તે ભાઇ પણ મળ્યા. મંદિરમાં હાલ પૂજારી તરીકે કામ કરતા શ્રી જયંતીભાઇ પણ ઉત્સાહી ને સેવાભાવી છે. તેમણે પૂ. શ્રીનાં કપડાં ધોવાની દરરોજ સેવા મળે તે માટે આગ્રહભરી વિનંતિ કરી. બીજી થોડી વાતો થઇ. સૌ છૂટા પડયા.

શ્રી રમેશભાઇ પુરોહિત મંદિરના પૂજારી હતા, તેઓ આવતી-કાલથી પૂ. શ્રી માટે ભોજન બનાવવા આવશે.

પ્રેસ્ટન શહેર ભાવિક હોય એવું પ્રથમ દિવસે જ અનુભવવા મળ્યું. મંદિરની આસપાસ જ ૩૦–૪૦ ગુજરાતીઓનાં જ ઘરો છે.

ઉતારા ઉપર દરેક ઓરડામાં હીટરો છે. રગ્બી ને લેસ્ટર કરતાં અહીં ઠંડી વધારે છે. ઇંગ્લેન્ડની આ ઉત્તરદિશા છે. લંડન તરફ ઠંડી ઓછી પડે છે.

ઉતારા ઉપર મંદિરના મુખ્ય સંચાલક શ્રી છોટાભાઇ પૂ. શ્રી સાથે ફરી થોડી વાતચીત કરે છે. એમને હૈયે મંદિરની ચિંતા છે. મંદિરના ગૂંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ પૂ. શ્રીના માર્ગદર્શનથી આવે, એવું તેઓ ઇચ્છે છે. તારણહાર તરીકે આપ આવ્યા છો ને હવે



આપ જેમ કહેશો તે કરવા તૈયાર રહી છું એમ પૂ. શ્રીને કહી તેઓ વિદાય થયા.

સૌની વિદાય પછી આરામ.

**તા. ૩૧/૮/૮૧ સોમવાર, ભાદરવા સુદ બીજ, ૨૦૩૭**

**સ્થળ : ગુજરાત હિન્દુ સોસાયટી કલ્ચર સેન્ટર–પ્રેસ્ટન શહેર–ઇંગ્લેન્ડ.**

સવારે સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠનો ક્રમ ચાલ્યો. દૂધ પીધું. લેખનકાર્ય શરૂ થયું.

સાડા અગિયારે દ્વાર ખુલ્યું. આજે પ્રેસ્ટન શહેરની પાસે સાઉથપોર્ટ નામનું શહેર છે ત્યાંથી શ્રી મનહરભાઇ મળવા આવ્યા છે. તેમની સાથે પૂ. માતાજીની માંદગીની વાતો થઇ. એ દરમ્યાન મંદિરના નિવૃત્ત પૂજારી શ્રી રમેશભાઇ પણ આવી ગયા. પૂ. શ્રી માટે ખીચડી શાકનું ભોજન તૈયાર કર્યું. શ્રી રમેશભાઇ ખૂબ પ્રેમાળ ને ઉત્સાહી છે. ભોજન લીધું.

ભોજન બાદ આરામ કરી થોડું લેખનકાર્ય થયું.

છ વાગ્યે મુલાકાત શરૂ થઇ, જેમાં રાજકારણ ને ભારતના ભાવિની ચર્ચા થઇ. એક ભાઇની વાણી બંધ થઇ ગઇ છે. તેઓ પૂ. શ્રી પાસે આશીર્વાદ લેવા આવે છે. તે ભાઇ ફક્ત રામ શબ્દ જ બોલી શકે છે. એ વાત જાણી પૂ. શ્રીએ કહ્યું, બધું ભૂલવાનું છે. જે યાદ રાખવાનું છે તેનું જ નામ તમે જપો છો. તે જપ જ શાંતિથી કર્યા કરો. ભગવાન સારું કરશે.

એક બેને ગુજરાતમાં વીસનગર વડનગરની વચ્ચે ગુંજા નામના ગામમાં બચુભાઇ રહે છે તેઓ પૂ. શ્રીનો ફોટો મૂકીને ભજનમંત્ર ચલાવે છે, એની વિગતવાર વાતો કરે છે.

સમય થતાં પ્રવચન સ્થળે જવાનું બન્યું. પ્રવચન પહેલાં પૂજારી ભાઇએ ચંદનતિલક ને પુષ્પથી સ્વાગત કર્યું. પ્રવચન બાદ પ્રકાશના પંથે અને ઉપનિષદ્‌નું અમૃત પુસ્તક વાંચનાર એક ભાઇ મળ્યા જેમની સાથે પૂ. શ્રીએ ધ્યાનકેન્દ્ર, અધ્યાત્મ, શિબિર વગેરેની વાતો કરી.

ઉતારા ઉપર આવી આરામ કરતાં પહેલાં દૂધ વગેરે લીધું.

પ્રેસ્ટન શહેર ભાવિક લાગે છે. શ્રી રતિભાઇ, શ્રી જયંતીભાઇ, શ્રી ભાનુબેન વગેરે સેવાભાવી ભાઇબેનો છે. મુખ્ય સંચાલક શ્રી છોટુભાઇએ આજે જ પૂ. શ્રીના 'અધ્યાત્મ' માસિકની વાત જાણી તેમણે અધ્યાત્મના કામ અંગે કોઇ સેવા મળે એવી ભાવના વ્યક્ત કરી. પૂ. શ્રીએ એમની સાથે થોડી વાતો કરી. પછી આરામ.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૩૨૨૮૨૩૧



# મા સર્વેશ્વરી–(૨)

(ગતાંકથી આગળ) **પ્રો. તરલા દેસાઇ**

## સમર્પણની વેદીમાંથી પ્રકટેલું દેસાઇ પુષ્પ

લોકોને આર્થિક સહાય ઉપરાંત આધ્યાત્મિક કલ્યાણ માટે 'મા' વારંવાર વિવિધ શિબિરોનું આયોજન કરે છે. અંબાજીમાં સ્વર્ગારોહણમાં ગરીબો માટે અન્નદાન, વસ્ત્રદાન, મેડિકલ ચેક-અપ, દંતયજ્ઞ, નેત્રયજ્ઞ, શાળાઓમાં બાળકો માટે ગણવેશ, દફતર વિતરણ, ફૂલવાડી વગેરે કાર્યક્રમો પણ વર્ષમાં એક બે વાર અચૂક હોય જ. ક્યારેક મૌનશિબિરો, પારાયણો, અખંડધૂનો પણ યોજે. દર વર્ષની એમની વિદેશની યાત્રામાં પણ યુવાશિબિરો, સાધના-શિબિરો એ યોજે છે. વિદેશોમાં વસતા ભારતીય ભક્તો સાથે ઘણી વાર વિદેશી યુવાનો પણ ભળી જઇ 'મા'ની પ્રેરણા અને માર્ગ-દર્શનનો લાભ લે છે. 'મા' પણ બહુ ઉલટભાવે એ સર્વના આત્મ-કલ્યાણાર્થે યોગાસનો, ભજન, વ્યાખ્યાનો, વાર્તાલાપોની કેસેટોદ્વારા અને એમની નિત્યસંગિની સ્લેટપરના સૂચક લખાણોથી એમનાં હૃદય જીતી લે છે.

મિલેનિયમ વર્ષના પહેલા પ્રજાસત્તાક દિને ગુજરાતમાં આવેલા વિનાશક ભૂકંપથી ગ્રસ્ત લોકો માટે પૂ. માએ ભૂજ–મોરબીનાં એવાં ગામો કે જ્યાં કોઇ સહાય પહોંચી નહોતી ત્યાં રૂબરૂ જઇ એક આખો ભક્તસમૂહ તૈયાર કરી પ્રેમ અને કરૂણાનો જે પ્રવાહ વહેવડાવ્યો એ સાચે જ એક વિરક્ત સંતના માનવમાત્ર માટે સતત સ્રવતા અનુરાગનું એક અવિસ્મરણીય સ્વરૂપ હતું. પહેલાં

તો કચ્છ–ભુજના રહેવાસીને અંબાજી બોલાવી એમની સાથે સુખડી–બુંદીના લાડુ વગેરેની ટ્રક મોકલાવી. પછી ત્યાં જેને જેને જેટલી જેટલી જરૂર હોય એ ચીજવસ્તુઓ (વસ્ત્રો, ધાબળા, આર્થિક સહાય.....) મોકલાવી. પછી એ સ્વયં કચ્છ–ભુજ ગયાં અને લોકોએ માગ્યું એના કરતાં અધિક આપવાની વ્યવસ્થા કરી. મોરબીના ગામડાંઓમાં કુમળાં બાળકોને ધ્યેયહીન રઝળતા જોઇ એમણે તાત્કાલિક ૧૫૪ ટેન્ટો તૈયાર કરાવી, ૨૮ ગામોમાં સ્કૂલો શરૂ કરાવી અને એકે એક ગામ જાતે જઇ દફતર, ચોપડીઓ, નોટો–બિસ્કિટ, ચોકલેટો–અનાજ વગેરેનું સ્વહસ્તે વિતરણ કર્યું. પૂ. મા સંકટનિવારણ કરી વિરમ્યાં નહિ. એ મોરબીનાં સાત ગામની સાત શાળાઓ પાકા મકાનોમાં ફેરવાય એ માટેના ભગીરથ કાર્યમાં જોડાઇ ગયાં અને અંતે કલ્યાણમયી 'મા' બાળકોનું હંમેશનું કલ્યાણ કરીને જ જંપ્યાં! પૂ. માના આ શુભ કાર્ય માટે વિદેશોમાં વસતા ભક્તોએ દાનનો એવો અઢળક પ્રવાહ વહેવડાવ્યો કે પૂ. માને કેટલાક ભક્તોને નારાજ કરવા પડયા! પૂ. મા દાનનો એક પણ પૈસો વેડફાય નહિ એની પૂરી ચીવટ રાખે. એમણે હિસાબો મોકલાવ્યા એટલું જ નહિ, સાથે જ્યાં જ્યાં જે જે કાર્ય થયું તેના ફોટોગ્રાફ્સવાળા મોટાં–મોટાં આલ્બમ અને દરેક ફોટાની નીચે ઝીણામાં ઝીણી વિગત અને એ પણ અનુકંપાયુક્ત કાવ્યપંક્તિ સાથે મોકલાવ્યાં. આ સર્વ પાછળ પૂ. માનો આશય ભક્તોના હૃદયોની કરુણા–માનવમાત્ર માટે જગાવવાનો! સંવેદનાની આવી ધાર કાઢી આપતા પૂ. મા જેવા સાચા સંતો માનવોને જડતામાંથી મુક્ત કરવાનું સહજ પુણ્યકાર્ય કરે છે. એને માટે આખો માનવ- સમાજ ઋણી રહે.

પૂ. શ્રી યોગેશ્વરજીએ નિવાસાર્થે 'સકલ એપાર્ટમેન્ટ' લીધેલ જેનું નામ જગદંબાએ 'સત્યપથ' રાખેલું. પૂ. મા અહીં આવ્યાં



ત્યારે 'સત્યપથ'માં કેવળ બે જ છબીઓ હતી, એક પૂ. શ્રીના માતાજીની અને બીજી. પૂ. શ્રીની! આજે 'સત્યપથ'ના ખૂણે–ખૂણે પૂ. શ્રી યોગેશ્વરજીનાં જુદી જુદી ભાવાવસ્થાઓનાં અનેક સ્વરૂપ પૂ. માએ એવી રીતે ગોઠવ્યાં છે કે આપણે પૂ. શ્રીની જીવંત ઉપસ્થિતિ અનુભવી શકીએ. એટલું જ નહિ પણ પૂ. શ્રીના આવાસમાં પૂ. શ્રીને જ પ્રગટાવવા–ઉપસાવવા હર પળ મથતાં પૂ. માના સંપૂર્ણ અહંવિલોપન અને પૂર્ણ આત્મવૈભવને જોઇ ચકિત થઇ જઇએ. 'સત્યપથ' જાણે સંત–આવાસ હોય એમ શ્રી રમણ મહર્ષિ, શંકરાચાર્ય, શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રીમદ્ રાજચંદ્ર, સાંઇબાબા, મહાત્મા ગાંધીનાં સ્વરૂપોથી સોહે છે. અને પૂ. 'મા' જે સ્વયં સિદ્ધા છે એ સાધકની વિવિધ મુદ્રાઓમાં વિનમ્રભાવે વિરાજે. 'સત્યપથ' પૂ. શ્રી યોગેશ્વરજીનું મંદિર હોય એમ દીવાનખંડમાં મધ્યસ્થાને એમની ભવ્યમૂર્તિ છે અને એમની પાર્શ્વે એક શ્વેત ગાદીપર શ્વેતધારિણી પૂજારિન પૂ. મા બિરાજે અને ભક્તો વારાફરથી આવી પ્રણમી પોતાના અંતરની વાતો ઠાલવે અને પૂ. મા એમની હંમેશની સ્નેહાળ, સ્મિતભરી, રમૂજી લાગતી છતાં ગંભીર–ડહાપણભરી સલાહ–માર્ગદર્શનથી એમની આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા બઢાવે. સાચે જ 'સત્યપથ' પૂ. માના ગુરુજીનો કે પૂ. માનો જ નહિ, અહીં આવનાર દરેકનો છે, એવી આત્મીયતા આ સ્થળવિશેષ સાથે સધાઇ જાય છે. અને એટલે જ આ 'સત્યપથ'પર એક વાર આવનાર વારંવાર આવવા ઇચ્છે છે કેમ કે એને પૂ. મા શ્રદ્ધા બંધાવી દે છે કે આ જ આત્માનો સાચો શિવપથ છે. અને સામાન્ય રીતે **'વિકટ સત્યયાત્રા સદા'** એમ સમજનાર જીવ પૂ. માના પરમ સાન્નિધ્યમાં **'સરલ સત્યયાત્રા સદા'** એવું માનવા માંડે છે અને એ માર્ગે ગતિ કરવા ઉત્સાહી બને છે. અહીં દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ સત્સંગ હોય છે

જેમાં ધૂન, પૂ. શ્રીના પ્રવચનની કેસેટ, કોઇ વિદ્વાનનું વ્યાખ્યાન અને સાથે પૂ. માના દર્શનનો લાભ તો ખરો જ! અહીં આવનાર સાધકો કંઇક પૂ. માના ચરણે ધરે છે તો પૂ. મા પૂ. શ્રીનાં ચરણો-માં ધરી તરત પ્રસાદરૂપે વહેંચી દે છે. સાથે જ આ મધુરમૂરત ચોકલેટ–બિસ્કિટ–ચણા–પુષ્પ વગેરે પણ આવનારને ભેટ ધરી એવાં કૃતાર્થ થાય છે જાણે 'આપો, આપો, બસ આપો ને આપો'-નો મંત્ર ચરિતાર્થ કરવા જ સ્વયં પ્રકટયાં ન હોય!

પૂ. શ્રી યોગેશ્વરજીની ઇચ્છા લોકહિતાર્થે એક સુંદર ધર્મશાળા બાંધવાની હતી. બનાસકાંઠા જીલ્લાના અંબાજી તીર્થક્ષેત્રે એક સ્થળ પૂ. શ્રીએ પસંદ પણ કરેલું. પૂ. શ્રીનાં શ્રીચરણોનો સંસ્પર્શ પામેલી આ ભૂમિપર પૂ. માએ ઇ. સ. ૧૯૮૬ માં 'સ્વર્ગારોહણતીર્થ' જ્યોતિર્મયી વિશ્રામગૃહ'નું નિર્માણ કર્યું. પૂ. માની સૂક્ષ્મ કળાદૃષ્ટિ અને ઊંડી સંવેદનશીલતાની પિછાન કરાવતું આ પુણ્યધામ હજી વિકાસશીલ દશામાં છે. પણ એનો વિશાળ પ્રાર્થનાખંડ, ધ્યાનખંડ, પૂ. માનો સુઘડ આવાસ, એની સુઘડ–સ્વચ્છ ભોજનશાળા, બાળકો માટેનું ક્રીડાંગણ અને અવનવાં ફૂલો–ફળો–વૃક્ષોથી આચ્છાદિત એ હરિયાળી ભૂમિ સાચે જ પૃથ્વી પરથી ઉપર ઉઠાવી સ્વર્ગાભિમુખ કરતી તપોભૂમિ છે. પૂ. માની એકાંત–મૂક સાધના સાથે–સાથે વરસોવરસ અહીં નવરાત્રિમાં યોજાતા મૌન-શિબિરો, બાળકો–ગરીબો–પીડિતો માટે અનુક્રમે યોજાતા અનેક-વિધ કાર્યક્રમોથી આ સ્થળને મહિમાવંતુ કરી મૂક્યું છે. 'સ્વર્ગા-રોહણ'નું સૌથી અનુપમ–વિશિષ્ટ આકર્ષણ એ એની 'કુટિયા' છે જે અત્યારે તો આરસ, મેગ્નેટિક ડોરની બનેલ અત્યંત મોર્ડન કોટેજ છે. જે પૂ. 'મા'ના કેનેડાવાસી ભક્તસમુદાયની પ્રેમબક્ષિસ છે. પણ આ જગ્યાએ પૂ. 'મા'એ વર્ષો પહેલાં એક કાચી



કુટિયા–ઘાસ–પાંદડાની સ્વહસ્તે તૈયાર કરેલી. જેમાં પૂ. 'મા'ના અનેક નિર્જળા ઉપવાસો, રામપારાયણો, સ્તોત્રો, શ્લોકો, સ્તુતિ–પાઠ, મંત્રો–જાપો, વ્રતો, મૌન, ધ્યાન, સાધનાના અણુ–પરમાણુ-ઓથી પવિત્ર–પૂજનીય બનેલી આ કુટિયા પૂ. 'મા'ના અસીમ પ્રભુપ્રેમની સાક્ષી છે. અત્યારે એમાં પૂ. 'શ્રી યોગેશ્વરજી', પૂ. 'મા' સર્વેશ્વરી અને પૂ. શ્રીના માતુશ્રીનાં સ્વરૂપો તેમ જ શ્રી રામકૃષ્ણ પરમહંસ અને મા શારદામણિનાં સ્વરૂપો પણ સોહે છે. એમાં પ્રવેશી, થોડી ક્ષણો શાંત બેસનાર દરેક ભાવિક શાન્તસમુદ્રમાં અવગાહન કર્યાની કૃતાર્થતા પામે છે. એક ઉજ્જડ, ખડકાળ ખુલ્લી ભૂમિપર પદાર્પણ કરી અદૃશ્ય થઇ જનાર પૂ. 'શ્રી યોગેશ્વરજી' એનું આવું પવિત્ર–મંગલકારી રમણીય રૂપ કોઇ વૃક્ષ પાછળ સંતાયેલા શ્રીકૃષ્ણની અદાથી નિહાળી રાધા સમાં પૂ. 'મા'ની ભક્તિવિહ્‌વળતા અનુભવી ધન્ય બનતા હશે એવી કલ્પના કરવા-નું મન થાય. પૂ. 'મા' તો 'સ્વર્ગારોહણ' સાચે જ તપશ્ચર્યા, સ્વાર્પણ, સેવા, ધ્યાન–સાધનાનું એક અત્યંત સ્વચ્છ–સુઘડ પવિત્ર તીર્થધામ છે. પ્રાચીન તપોવન સંસ્કૃતિનું આધુનિક સંસ્કરણ છે. પૂ. માની અનેરી કલાદૃષ્ટિનું અપૂર્વ માનવભાવનું પરિચાયક છે.

પૂ. યોગેશ્વરજી નિર્મિત 'સર્વમંગલ' ટ્રસ્ટમાં ઇ. સ. ૧૯૮૦ માં ટ્રસ્ટી તરીકે જોડાયેલાં. હમણાં થોડાક વખતથી એમાંથી નિવૃત્ત થયાં છે છતાં ટ્રસ્ટના તમામ સત્કાર્યોમાં 'મા' આજે પણ એટલાં જ ઉત્સાહી પ્રેરણામૂર્તિ બની પ્રવૃત્તિશીલ રહ્યાં છે. લોકકલ્યાણની એક પણ તક ચૂકી ન જવાય એવી જાગૃતિની પરાકાષ્ઠા તાજેતર-માં 'મા' એ ભૂકંપગ્રસ્તોને જે રીતે અને જે આર્થિક ત્વરિત સહાય કરી અને એમના ખંડિત શ્રદ્ધામંદિરમાં અખંડ ઈશ્વરશ્રદ્ધા કેવી રીતે પુનઃ પ્રતિષ્ઠિત કરી શકાય એના અનહદ અકલ્પ્ય પ્રયત્નો કર્યા

એ જોઈ શકાય છે.

એક દિન અલ્પ ફળાહાર, એક દિન નિર્જળાના કઠોર ઉપવાસનો સિલસિલો સળંગ રાખનાર 'મા'નો સંપૂર્ણ મેડિકલ ચેક અપ કરતાં દેશ–વિદેશના ડોક્ટરોને વિસ્મય થયું છે કે, 'આમનાં બધા જ રિપોર્ટ નોર્મલ કેવી રીતે હોઈ શકે?' પણ જે પોતાના તન–મનને નિઃશેષપણે ઈશ્વરને સમર્પિત કરી દે એની આટલી સંભાળ સૃષ્ટિનિયંતા ન રાખે તો જ નવાઇ! ઈશ્વર કહે છે ને એના ભક્તને કે **'તું મેરી જિક્રમે તો મૈં તેરી ફિક્રમે.'** પરમ કૃપાળુ પરમેશ્વર 'મા'ની ફિકર કરે, આપણી ફિકર 'મા'ને સોંપીએ!

પૂ. 'મા' દેહમાં રહેવા છતાં કેવાં દેહાતીત છે એની વાત કરવા એક જ પ્રસંગ પર્યાપ્ત છે. ઇ. સ. ૧૯૯૮ માં નવરાત્રિના બીજા દિવસે પૂ. મા વડોદરાથી અંબાજી 'સ્વર્ગારોહણ' આવવા નીકળ્યાં.

ખેડા જિલ્લાના મોગર ગામ પાસે પૂ. માની ગાડી એક મોટી ટ્રક સાથે અથડાઈ. આગળ બેઠેલાં ભક્તદંપતિ અને ડ્રાઈવરનો વાળ પણ વાંકો ન થયો. પરંતુ પૂ. માને આખા શરીરે ઈજાઓ થઈ.

ગાડીના બંને દરવાજા દબાઇને એકદમ ફીટ થઇ ગયેલા. જે ખોલતાં ભારે જહેમત ઉઠાવવી પડેલી. મહામહેનતે પૂ. 'મા'ને બહાર કાઢવાનો પ્રયત્ન થતાં પૂ. મા તો હંમેશની જેમ જ હસતાં હસતાં બહાર આવ્યાં અને બીજા વાહનમાં બેઠાં. કારમી પીડાની ચહેરાપર રેખા સરખી નહિ!

એનેસ્થેસિયા લીધાવિના જ પગનાં મલ્ટીપલ ફ્રેક્ચરનું



ઓપરેશન થયું. બંને પગે પ્લાસ્ટરને પૂ. 'મા' 'કૃપા–પ્રસાદ' અને અકસ્માતને 'પ્રભુલીલા' તરીકે ઓળખાવે.

આમ ગંભીર અકસ્માતને પ્રસન્નભાવે પ્રભુપ્રસાદી ગણી વધાવતાં પૂ. મા કેવાં દેહભાવથી પર કેવાં આત્મસ્થ છે, એની પ્રતીતિ આ અનુભવ નિમિત્તે એમણે જ રચેલાં પદો કરાવે છે. એ લખે છે :

*** 'સૂતાં–સૂતાં સુમિરનની મોજ અમે તો માણી'**
*** 'સર્વ કર્મફળનો એ દાતા, સર્વેશ્વરીનો એ સુખદાતા.**
*** રક્ષા સૌની તું કરનારો, સર્વેશ્વરીનો સાથી ન્યારો.'**

પૂ. માના જીવન પ્રસંગોની આ અલપઝલપ ઝાંખી જોતાં લાગે છે કે, **'બહારથી દુર્બળ જેવા દેખાતા દેહમાં વસતો આત્મા કેટલો બધો વિરાટ અને શક્તિશાળી છે!'**

પૂ. 'મા' વિષે યોગેશ્વરજીએ સાચું જ કહ્યું છે :

**'જે આત્માઓના જન્માંતર સંસ્કારો અતિશય અસાધારણ અથવા ઉચ્ચ હોય છે તે આત્માઓ જીવનના ઉષઃકાળથી જ અનોખા ભાવો તથા વિચારો સાથે શ્વાસ લે છે. એમનો જીવન-ક્રમ જુદો જ હોય છે. એમની અંદર અસામાન્ય ગુણવત્તાનું તથા યોગ્યતાનું દર્શન થાય છે. સરોજબેનનાં (પૂ. 'મા'નાં) સંબંધમાં પણ એવું જ હતું. કિશોરાવસ્થામાં એમને અવારનવાર અલૌકિક પ્રકાશ તો દેખાતો જ, પરંતુ આત્મશાંતિનો અનુભવ થતો.'**

પૂ. 'મા'એ સવા લાખ જપના કેટલાંયે અનુષ્ઠાનો, રામાયણ પારાયણો અને એકાંતિક સાધના માટે સૂરતમાં પૂ. મોટાના

મૌનમંદિરમાં કેટલાયે દિવસો ગાળ્યા છે. પૂ. માનો અવિરત, અસ્ખલિત, અતૂટ, અખંડ સાધના પૂ. યોગેશ્વરજી સાથે આપણને પણ કહેવા પ્રેરે છે :

**'આ જન્મમાં એ જે કાંઇ છે ને જે કંઇ કરી રહ્યાં છે તેનો વિચાર કરીને પણ એમના પ્રત્યે આદરભાવ થાય છે. મસ્તક એમના ચરણમાં નમી પડે છે. એ જ્યાં જ્યાં જશે, વસશે, વિહરશે ત્યાં ત્યાં તીર્થ બનશે. એ પરમ તીર્થરૂપ છે.**

ઘડીમાં 'સત્પથ', ઘડીમાં 'સ્વર્ગારોહણ', ઘડી મુંબઇ તો કોઇ ઘડી મોરબી, કદી હિમાલય, કદી હરિદ્વાર, કેનેડા, કેલિફોર્નિયા ને ન્યુયોર્કમાં વિચરતાં પણ સદા સાધનાસ્થિત નિત્ય પ્રસન્ન આનંદલોકમાં બિરાજમાન અને પૃથ્વી પરના સર્વ ચૈતન્ય અંશો સાથે એક સરખો સ્નેહનાતો નિભાવનાર પરમ પ્રેમમયીકલ્યાણમયી પૂ. 'મા' સર્વેશ્વરી માટે એમના સાન્નિધ્યમાં આવનાર સૌ કોઇને કહેવાનું મન થાય :

'પૂ. મા,
તમારા ચરણોમાં તીર્થ છે.
સમસ્ત સંસારનાં તીર્થો છે.
તમારા શરીરમાં સરિતાઓ, સ્રોતો
અંગ–પ્રત્યંગમાં, પરમાણુમાં, પ્રાણના સ્પંદનોમાં
પરમ ધામ પ્રગટયાં છે.
તમે તીર્થ સ્વરૂપ છો.
તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી જ પ્રગટયાં છે.'

પૂ. મા પરમ ચૈતન્યમયી હોવા છતાં એટલાં સરળ, સહજ



અને વિનમ્ર છે કે, એમની સાધારણતામાં છૂપાયેલ અસાધારણતાનું ઐશ્વર્ય પિછાનવું સામાન્યજન માટે સરળ નથી. એટલે જ પૂ. શ્રી યોગેશ્વરજીએ વારંવાર કહ્યું કે,

**'સૌ કોઇ એમને ઓળખી, સમજી, સન્માની નહિ શકે, જેનો પૂર્વનો પૂણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે. એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.'**

આવા પૂ. માની સુખ સંનિધિનો લહાવો લઇ શકીએ એટલો લઇ આપણાં જીવન ધન્ય બનાવીએ તો જ આપણો જન્મ સાર્થક બને. કારણ કે એ નારી રૂપે નારાયણી છે. એ જેનાપર અનુગ્રહ કરે છે તે ધન્ય બને છે.

'મા' સર્વેશ્વરીના દેહરૂપમાં જગદંબાનું સ્વરૂપ સોળે કળાએ ખીલી ઊઠેલું જોઇ કબીરજીના શબ્દો યાદ આવે :

**'સબ ઘટ મેરા સાંઇયા,**
**સૂની સેજ ન કોઇ**
**બલિહારી વો પુરુષ કી,**
**જા ઘટ પરગટ હોઇ.'**

ધન્ય છે 'મા' સર્વેશ્વરી જેમના અસ્તિત્વ વિષે સ્વયં પરમેશ્વર પ્રગટયા. અને બડભાગી છીએ આપણે સૌ કે આવા દુર્ગમ કાળમાં આપણને આવા સંતનું સાન્નિધ્ય સાંપડયું છે. અરુણાચલના સંત શ્રી રમણ મહર્ષિએ આવા સંતનો મહિમા કરતાં સરસ કહ્યું છે :

**'જો મહાત્મા સાથે સત્સંગ થઇ જાય તો આત્મઓળખની ભિન્ન ભિન્ન પદ્ધતિઓની શું જરૂર? ક્યારે શીતળ દક્ષિણાનિલ મંદ મંદ વાતો હોય ત્યારે હાથપંખાની શી જરૂર?**

પૂ. માના સત્સંગમાં આવનાર પ્રત્યેક ભક્તહૃદય આવું ન અનુભવે તો જ નવાઈ! કેમ કે "'મા'ની કૃપા વહેતી નથી, ભક્ત હૃદયને તાકે છે, લક્ષ્ય કરે છે અને એનું કલ્યાણ કરીને જ જંપે છે." આવાં મંગલમયી, પરમ ચૈતન્યયી, કરુણામયી પરમ પૂજ્ય સર્વેશ્વરી માને કોટિ કોટિ વંદન!

આપણે ભક્ત તરીકે તિલક કરીએ, કંઠી બાંધીએ, માળા જપીએ, સ્તોત્રપાઠ કરીએ, દેવદર્શન અને તીર્થયાત્રા કરીએ, એટલું જ કરવું પૂરતું નથી. ભક્ત બનવું એનો અર્થ માનવ મટી જવું એવો થતો નથી. પરંતુ આદર્શ માનવ બનવું એવો થાય છે. યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૯૬
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



Personal Obgervations of the

# Youth Shibir

**Shipra Amin**

Many of the youth had given Maa donations for the earthquake relief efforts in India. Maa took note of all those that donated and prepared a gift of thanks. She had Anilbhai print personalised 'thank-you' notes with the quote "your small but very precious gift will be used for the education of little children in India. Continue to do these types of good deeds throughout your life." Each note was inserted into the book with God by Your Side... You Never Have to Be Alone. Maa signed and labeled each book and distributed them to the children. She also shared stories of many of the victims, especially young children and how the funds would be used: schooling, housing, etc. Maa never takes money from anyone but maybe God has heard the prayers of many innocent and helpless persons. Maa took the donation

from the children because it was for the earthquake relief efforts and it was a small amount. She stated that by allowing the children to contribute to this noble cause will teach them to give in the future.

This morning Maa opened a gift from Priya. It was a beautiful sweater that Priya had brought from London. Later in the afternoon Maa gave Priya the cost of the sweater. Initially Priya refused to take the money, but Maa explained that She doesn't take anything for free. Paying for what She has is Her Niyam.

When my father went to India this past January, he took a suitcase of clothes which were to be donated to the less fortunate. He dropped the suitcase off at Satyapath and left the distribution of the clothes to Maa. The first day of the shibir Maa told me how and where She had used the clothes. I had long since forgotten about the suitcase but Maa, being very particular, didn't forget to account for the donation.

Maa is known to rise very early in the



morning and start Her daily niyams. On the second day of the shibir Maa spoke to Radhika and Krupa (two of the younger participants). Maa asked them if they were enjoying the shibir, they replied that they were having fun but the only problem was that they had to take a cold shower in the morning. Since there were a limited number of showers to share among the participants, the older ones would get up early (4 or 4:30 am) and shower and then wake up the younger children. What we didn't realise was that all the hot water would be gone and the younger kids would have to shower in cold water.

There was an extra washroom in Maa's lodge, so She told me to bring 4 or 5 of the young girls there to shower. From then on, Maa never once turned on Her lights before 6:00 a.m. (She was awake but didn't start getting ready until later), by this time all the girls had taken their shower and were getting ready for the prabhat feri at 6:30 a.m. I found this surprising, as we started pranams at 7 am. When asked why She was showering so late, Maa replied that She didn't want to take

any of the hot water from the young girls that were using the other washroom.

On his first day at the shibir, one of the boys came to do pranam to Maa. She noticed that he had an earing on and immediately asked him to take it out. Maa explained that traditionally only girls wear earings. Lately it has become fashionable for boys to wear them as well, but it does not suit them. Also, one of the purposes of the shibir is to promote simplicity, not only in ones diet and lifestyle but also in ones appearance.

Maa, like all mothers always thinks of the small details. One of the many issues we didn't consider was the that of safety, and theft in regards to Maa-Prabhu's lodge. At the shibir Maa's place was detached from the Main Hall. During the evening satsang, Maa would always send one of the older bhais to Her place. This served a dual purpose; first, since we couldn't lock the lodge we needed to make sure that someone was there at all times, and second, Vimlaben would not be left alone in the building. There were times during



the day that She would send someone to check on Her place. On Sunday halfway through the show Maa asked me to make a round of Swargarohan and make sure things were okay. She stated that Her passport and other important papers were in Her bag and should not be left unattended.

We had planned to do Prabhat Feri outside on the grounds, but on the second day it was cloudy and cold. So Maa changed the plans and had us do Prabhat Feri inside. This didn't apply just for that day but for the whole week. Maa said that it was too cold and dark at 6:30 am to be outside and that the children would fall sick if they had to go out in such conditions.

In the camp where the shibir was held, there were no lights outside the buildings, We were occupying 3 seperate buildings and at night we had to use flashlights to get from the cafeteria to the main hall or to go to Maa's place. We had brought Tike Torches (Machals) with us so we could illuminate the path between the buildings. When the boys approached Maa about lighting the torches

they showed Her how the torches worked and explained that they also repelled mosquitoes. Maa responded by asking how they repelled the mosquitoes, "did it kill the mosquitoes? did it cause the bugs to become unconscious?" and stated "what did they ever do to deserve such suffering?" Maa said that if the mosquitoes were repelled by the smell of the flame then it's okay to use the torches, but we should make sure that no harm should come to the mosquitoes.

On the Saturday before the shibir started I had a chance to speak with Maa via telephone. We spoke about the shibir and She asked me some details regarding the daily program. Maa asked me who was going to be there to take care of the younger children. At first this question caught me off guard. We had assumed that most of the older youth would take care of the younger ones. Luckily we did have several adults with us. All the participants were young at heart but carried a sense of authority. With everybody's co-operation we were able to tackle many unexpected situations.

(To be Continued)



# યુવા શિબિરના વ્યક્તિગત તારણો

મૂળ લેખક : શિપ્રા અમીન
અનુવાદ : તંત્રી

શિબિરમાં ભાગ લેનાર યુવાનોમાંથી ઘણાંએ પૂ. માને ભૂકંપ રાહતમાં ફાળો આપ્યો હતો. પૂ. માએ તે બધાંની યાદી બનાવી એટલું જ નહિ, પરંતુ સૌને તે બદલ આભાર દર્શાવતી ભેટ પણ આપી. પૂ. માએ અનિલભાઇ પાસે દરેકનો વ્યક્તિગત આભાર માનતા પત્રમાં લખ્યું "તમારી નાની છતાં કિંમતી ભેટ ભારતમાં નાના બાળકોના શિક્ષણમાં વપરાશે. જીવનમાં આ પ્રકારનાં કામ સદા કરતાં રહેજો." દરેક નોંધને એક પુસ્તકમાં રાખવામાં આવી હતી જેનું નામ હતું "ભગવાન તમારી સાથે છે. જીવનમાં તમે કદી એકલા નહિ હોવ." દરેક પુસ્તક ઉપર પૂ. માએ પોતાના હસ્તાક્ષર કર્યા ને દરેકને તે આપી. ખાસ કરી ભૂકંપનો ભોગ બનેલા કેટલાક છોકરાઓની વાતો પણ તેઓને સંભળાવી, અને એકઠી કરેલી રકમ નિશાળો ને ઘરો બનાવવામાં કેવી રીતે વપરાશે તે જણાવ્યું. પૂ. મા તો પોતા માટે કદી કોઇ ભેટ સ્વીકારતાં નથી. કદાચ ઘણા બધા નિર્દોષ અને નિરાધાર બાળકો-ના હૃદયની પ્રાર્થના પ્રભુદ્વારા આ રીતે સંભળાઇ. પૂ. માએ બાળકો પાસેથી આ ફાળો એટલા માટે લીધો, કારણ કે તે ભૂકંપ રાહતના કાર્ય માટે હતો અને તે નાની રકમો હતી. પૂ. માએ નોંધ્યું કે ભવિષ્યમાં તેઓ આપતાં શીખે, તે ખાતર તેઓએ બાળકોની આ ભેટ સ્વીકારી.

* * *

આજે સવારે પૂ. માએ પ્રિયાએ લાવેલ ભેટ ઉઘાડી. તે એક સુંદર સ્વેટર હતું જે પ્રિયા લંડનથી ખાસ લાવી હતી. તે સાંજે પૂ. માએ પ્રિયાને તે સ્વેટરની કિમ્મત આપી. શરૂમાં પ્રિયાએ તે લેવાની ના પાડી, પરંતુ પછી તેને સમજાવવામાં આવ્યું કે પૂ. મા પૈસા ચૂકવ્યા સિવાય કદી કોઇ વસ્તુનો પોતા માટે સ્વીકાર કરતાં નથી. પૂ. માનો આ નિયમ છે.

* * *

ગયા જાન્યુઆરીમાં (૨૦૦૧ ના) મારા પિતાજી જ્યારે ભારત ગયા ત્યારે ગરીબોને વહેંચવા માટે એક સ્યૂટકેસમાં કપડાં લઇ ગયેલ. આ સ્યૂટકેસ તેઓ સત્યપથમાં સોંપતા આવેલ કે પૂ. માને ઠીક લાગે તેમ તેની વહેંચણી કરે. શિબિરના પહેલા દિવસે જ પૂ. માએ મને બોલાવી કહ્યું કે તેના પિતાજીએ આપેલ કપડાં ક્યાં અને કેવી રીતે આપવામાં આવ્યાં હતાં. હું તો આ વાત સદંતર ભૂલી ગઇ હતી. પરંતુ પૂ. મા તો મળેલ દાન માટે ખૂબ ચોક્કસ, તેઓ તેનો હિસાબ આપવાનું કેવી રીતે ભૂલે?

પૂ. મા રોજ સવારે ખૂબ વહેલાં ઊઠે અને પોતાના નિયમોના પાલન અંગેના કાર્યક્રમમાં લાગી જાય. શિબિરના બીજે દિવસે શિબિરમાં જોડાયેલ સૌથી નાની બાલિકાઓ–રાધિકા અને કૃપાને પૂછ્યું. તેઓને શિબિરમાં મઝા પડે છે કે કેમ? તેઓએ પ્રત્યુત્તર-માં જણાવ્યું કે તેઓને મઝા તો પડે છે, પરંતુ તેઓની એક માત્ર મુશ્કેલી સવારે ઠંડા પાણીએ નાહવું પડે તે છે. એનું કારણ એ હતું કે શિબિરાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં નાહવાના બાથરૂમો મર્યાદિત હતા. મોટાઓ વહેલી સવારે ૪–૦૦ ને ૪–૩૦ વચ્ચે ઊઠી જતા, ને નાહી લેતા. તે પછી જ નાનાઓને ઊઠાડવામાં આવતા. પરંતુ એમ કરવામાં એમને એ ધ્યાન ન રહ્યું કે બધું જ



ગરમ પાણી વપરાઇ જતું ને પાછળથી જગાડવામાં આવતા નાનાઓને ઠંડે પાણી નાહવું પડતું. (શિબિરના સ્થળમાં ખૂબ ઠંડી વરતાતી).

પૂ. માના ઉતારામાં એક વધારાનો બાથરૂમ હતો. એટલે પૂ. માએ મને કહ્યું ૪–૫ નાની બાલિકાઓને નાહવા માટે મારા બાથરૂમમાં લઇ આવવી. તે પછી પૂ. મા છ વાગ્યા પહેલાં કદી પોતાની બત્તી ન કરતાં. (જો કે પૂ. મા તો ઘણાં વહેલાં જાગતાં, પરંતુ છ વાગ્યા પહેલાં તૈયાર ન થતાં. આ સમય દરમ્યાન બધી બાળાઓ સવારની પ્રભાત ફેરી માટે ૬–૩૦ સુધીમાં નાહી લઇ તૈયાર થઇ જતી. આ જોઇ મને નવાઇ લાગી. કારણ કે સવારે ૭ વાગે પ્રણામ કરવાનો સમય થતો. આ પ્રમાણે મોડું થવા અંગે પૂ. માને પૂછતાં તેઓએ જણાવ્યું કે તેઓ મોડેથી સ્નાન કરે છે. કારણ કે પોતે વહેલાં સ્નાન કરે તો બીજા બાથરૂમમાં સ્નાન કરતી બાળાઓ માટે પૂરતું ગરમ પાણી ન રહે.

શિબિરના પહેલા દિવસે એક યુવક પૂ. માને પ્રણામ કરવા આવ્યો. પૂ. માએ તેના કાનમાં એરીંગ પહેરેલું જોયું અને તુરત જ તેને તે કાઢી નાંખવા જણાવ્યું. પૂ. માએ સમજાવતાં કહ્યું કે પરંપરાગત રીતે ફક્ત છોકરીઓ જ એરીંગ પહેરે. હમણાંથી છોકરાઓમાં આવું એરીંગ પહેરવાની ફેશન શરૂ થઇ છે, જો કે તેમને તે શોભતી નથી. વળી શિબિરના ઘણા બધા હેતુઓમાંનો એક સાદાઇના પાઠ શીખવવાનો–તે ખોરાક અને જીવનશૈલી બદ-લાવવા પૂરતો મર્યાદિત જ નહિ, પરંતુ તે દેખાવમાં પણ જણાવો જોઇએ.

પૂ. મા બીજી માતાઓની જેમ, હંમેશા નાની બાબતો અંગે પણ વિચારતાં. ઘણી બાબતોમાં જે એક વાત અમારા ધ્યાન

બહાર રહી ગઇ હતી તે સલામતી અંગેની—અને તે ખાસ કરીને પૂ. માના ઉતારાની. પૂ. માનો ઉતારો શિબિરના મુખ્ય હોલથી અલગ હતો. સાંજના સત્સંગ વખતે પૂ. મા કોઇ મોટી વ્યક્તિને પોતાના ઉતારાનું ધ્યાન રાખવા હંમેશાં મોકલતાં. તેનાથી બેવડો હેતુ સરતો. પહેલો હેતુ એ કે પૂ. માના ઉતારાને તાળુ મારવામાં આવતું નહિ, એથી અમારે માટે એ જરૂરી હતું કે ત્યાં બધો વખત કોઇક તો હોય જ, અને બીજો હેતુ એ કે શ્રી વિમળાબેનને તે મકાનમાં એકલું ના લાગે. આથી પૂ. મા દિવસ દરમ્યાન કોઇકને ને કોઇને પોતાના ઉતારે જોવા મોકલતાં રહેતાં. રવિવારે, ચાલુ કાર્યક્રમે પૂ. માએ મને તેઓના ઉતારે આંટો મારી બધું બરાબર છે કે કેમ તે જોઇ આવવા કહ્યું. પૂ. માએ જણાવ્યું કે તેઓની બેગમાં તેઓના પાસપોર્ટ ઉપરાંત બીજા અગત્યના કાગળો છે. એટલે તે માટે બેદરકારી ના રખાય.

* * *

અમે પ્રભાતફેરી બહાર ખુલ્લામાં કરવાનું આયોજન કરેલું. પરંતુ બીજે દિવસે હવામાન વાદળીયું અને ઠંડકવાળું હતું. એટલે પૂ. માએ આયોજનમાં ફેરફાર કરી પ્રભાતફેરી હોલમાં કરવાનું કહ્યું. આ ફેરફાર માત્ર બીજા દિવસ પૂરતો જ ન રહેતાં, આખા અઠવાડિયા દરમ્યાન ચાલુ રહ્યો. પૂ. માએ જણાવ્યું કે સવારે ૬:30 કલાકે બહાર ખૂબ ઠંડક અને અંધારું હોય છે. એટલે શિબિરાર્થીઓ જો બહાર ઠંડામાં ફરે તો કદાચ તેઓ માંદા પણ પડી જાય.

* * *

અમે જ્યાં શિબિર યોજી, ત્યાં મકાનોના બહારના ભાગમાં કોઇ બત્તીઓ ન હતી. અમે ત્રણ જુદાં જુદાં મકાનો રાખેલાં.



એટલે રાત્રે અમારે રસોડાથી મુખ્ય હોલમાં કે પૂ. માના ઉતારાપર જવા અજવાળા માટે ફ્લેશ લાઇટોનો ઉપયોગ કરવો પડતો. એ માટે અમે ટીકી ટોર્ચીઝ જેવી મશાલો લાવેલા, જેથી મકાનો વચ્ચેના માર્ગમાં અજવાળું પડે. જ્યારે છોકરાઓએ પૂ. માને આ વાત કરી છે અને તે કેવી રીતે પ્રકાશ આપે છે તે પૂ. માને બતાવ્યું અને સાથે સાથે તે મચ્છરોને પણ દૂર રાખે છે તે સમજાવ્યું. તો પૂ. માએ સામો પ્રશ્ન કરી એ જાણવા માગ્યું કે "તેનાથી મચ્છરો કેવી રીતે આઘા રહે છે? શું તેનાથી મચ્છરો મરી જાય છે? કે તેનાથી મચ્છરો બેભાન બની જાય છે?" પછી લખ્યું કે તેઓને આવી પીડા પહોંચાડવાનો તેમને શો અધિકાર છે તે અંગે કદી વિચાર્યું? છેવટે પૂ. માએ કહ્યું કે જો તે બત્તીઓના પ્રકાશની વાસથી મચ્છરો ભાગી જતા હોય તો તે વાપરવામાં વાંધો નથી. એથી એ ખાત્રી કરવી જરૂરી છે કે એના વાપરવાને લીધે મચ્છરોને તો કોઇ પીડા થતી નથીને?

* * *

શિબિર શરૂ થઇ તેના આગલા શનિવારે મને પૂ. મા સાથે ફોનપર વાત કરવાની તક સાંપડી. અમે શિબિર અંગે વાત કરી. તો તેઓએ રોજના કાર્યક્રમ સંબંધે વિગતો પૂછી. પછી પૂ. માએ પૂછ્યું કે નાના છોકરાઓ હોય તેમની સંભાળ કોણ રાખશે? આ બાબતમાં મેં કંઇ વિચારેલું જ નહિ, અમે માની લીધેલું કે મોટાભાગના મોટા શિબિરાર્થીઓ નાનાઓનુ ધ્યાન રાખશે જ. સદ્‌નસીબે અમારી સાથે થોડા મોટેરાઓ હતા. બધા જ ભાગ લેનારાઓ હૃદયથી નાના જ હતા, પરંતુ જવાબદારીના ભાનવાળા હતા. દરેકના પરસ્પરના સહકારને લીધે ઘણી અણધારી પરિસ્થિતિઓનો ઉકેલ શોધવા અમે શક્તિબાન બન્યા હતા.

(ક્રમશઃ)

- હ્રદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી), ડાયાબિટીશ, દમ-અસ્થમા, જુની શરદી, કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. એ માટે....
  - અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
  - દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
  - Personal, Couple, Family, Teenage Counselling
- STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.
- ધો.૧૦, ૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ
- ૬ થી ૧૫ વર્ષનાં બાળકો માટે દર રવિવારે યોગના ક્લાસ.
- યોગ અંગે વાર્તાલાપ - પ્રવચન - વ્યાખ્યાનમાળાનું આયોજન.
- Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.
- Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

સ્થાપના : ૧૯૯૩

**યોગકૈવલ્યમ**

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**• ડૉ. હિમાંશુ પાઠક • શ્રીમતી હેમીના પાઠક • શ્રીમતી મીરા દેસાઈ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૨૯૯૫૫૩૮ ૨૯૯૫૫૧૮ (રહે.) ૨૭૭૯૨૮૩ (મોબાઈલ) ૯૮૨૪૦ ૪૩૦૩૩
E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com

॥ ૐ ॥

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે, કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

- ★ **તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.**
- ★ **અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.**

## શ્રી વિજયભાઈ પંડિતજી

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)
પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

**ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.**
**ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧**
EMAIL : pandat@indya.com
**સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.**

# કઠોપનિષદ્ (૬)

મહાત્મા યોગેશ્વરજી

## (૧૫) અમરતાનો માર્ગ

બીજા અધ્યાયની ત્રીજી વલ્લીમાં સંસારને સનાતન પીંપળા સાથે સરખાવવામાં આવ્યો છે. એ જોઇને ગીતાના પંદરમા અધ્યાયની યાદ આવે છે. પીપળાની એ સુંદર ઉપમા ગીતામાં કઠ ઉપનિષદ્‌ના આ અધ્યાય પરથી જ લેવામાં આવી હોય એમ લાગ્યાવિના નથી રહેતું.

યમદેવ કહે છે કે પરમાત્માને જાણવાથી માણસ સાચા અર્થમાં સુખી, શાંતિમય ને અમર બની શકે છે. એ પરમાત્માનું જ્ઞાન માણસે આ જ જીવનમાં ને આ જ શરીરમાં મેળવવા માટે કમર કસીને તૈયાર થવું જોઇએ. તે પરમાત્માનું સંપૂર્ણ સ્વરૂપ કોઇ જાણી શકતું નથી. પંખી જેમ નદીના થોડાં ટીપાં પાણીને ચાંચમાં લઇને ચાલતું થાય છે ને તેથી તેને તૃપ્તિ પણ મળે છે, તેમ અખિલ વિશ્વમાં વ્યાપેલા પરમાત્માને પોતાની અંદર અનુભવીને માણસ કૃતાર્થ થાય છે ને અમર બને છે. તે પરમાત્માના પોતાની અંદર રહેલા રૂપને અનુભવવાનું પણ પૂરતું છે. કોઇ તે પરમાત્માને નરી આંખે પૂરેપૂરા જોઇ શકતું નથી. ભક્તો તેમનું દર્શન જરૂર કરે છે. પણ તે તો તેમના વિરાટ અસીમ અનંત રૂપના સાધારણ સ્વરૂપનું જ. તેમની શાંતિ ને ધન્યતા માટે તેટલું પણ પૂરતું થઇ પડે છે. એટલે તેમના દર્શનની ઉપેક્ષા કરવાની જરૂર નથી. તે પરમાત્મા મન, બુદ્ધિ ને હૃદયથી અનુભવી શકાય છે. મન, બુદ્ધિ ને ઈન્દ્રિયોને શાંત ને સ્થિર કરવાથી તે પરમાત્માની અનુભૂતિ થાય છે ને પરમપદ કે પરમગતિ પણ તે જ કહેવાય છે.



હવે આ ઉપનિષદ્‌નો છેવટનો ભાગ શરૂ થાય છે, ને તેમાં પરમાત્માના પરમ અનુભવને માટે યોગની સાધનાનો ઉલ્લેખ કરવામાં આવે છે. પરમાત્મા વિશે બુદ્ધિથી બધું જાણ્યું તો ખરું, પરંતુ હવે તેમના પ્રત્યક્ષ અનુભવ માટેની સાધના રજૂ કરવામાં આવે છે. સાધના વિના પ્રત્યક્ષ અનુભવ ન જ થાય. તે સાધના ને તે દ્વારા થતાં પરમાત્માના પ્રત્યક્ષ અનુભવ, પરિચય કે મેળાપને જ યોગ કહેવામાં આવે છે. તેનાથી ઈન્દ્રિયો ને મન શાંત બને છે, સત્ય જ્ઞાનની પ્રાપ્તિ ને અજ્ઞાનનો નાશ થાય છે. પરમાત્મા પરમ જ્ઞાનરૂપ ને સત્યસ્વરૂપ છે એટલે તેમનો અનુભવ થતાં અમરતાની સાથે સાથે જ્ઞાન પણ મળી રહે છે. એકલી બુદ્ધિ કે વિદ્વત્તાથી એ ન થઇ શકે. તે માટે આચરણ ને અનુભવ જોઇએ. ને તેથી જ યોગની સાધનાનો સાર કહેવામાં આવે છે. યોગ અનુભવ અથવા આચારનું શાસ્ત્ર છે.

યમદેવ કહે છે કે હૃદયની એકસો ને એક નાડી છે. તેમાંની એક નાડીનું નામ સુષુમ્ણા છે. તે નાડી ઉપર બ્રહ્મરંધ્ર તરફ જાય છે, જે માણસ યોગ કે પ્રાણાયામની સાધનામાં પ્રવીણ બનીને તે નાડીદ્વારા મૃત્યુ વખતે ઉપર ગતિ કરે છે તે અમર બને છે. તે સિવાયની બીજી બધી નાડીઓ જીવાત્માને જુદે જુદે માર્ગે લઇ જાય છે એટલે કે મૃત્યુ વખતે બીજી નાડીઓ દ્વારા જેનો પ્રાણ બહાર જાય છે તે માણસને બીજી જુદી જુદી ગતિની પ્રાપ્તિ થાય છે. અંગૂઠા જેટલો પુરુષ મનુષ્યોના હૃદયમાં અંતરાત્મારૂપે સદા રહેલો હોય છે. તેને શરીરથી અલગ જાણવા ને અનુભવવાની કળામાં કુશળ થવું.

એ પ્રમાણે યમદેવે નચિકેતાને અમરતાનો માર્ગ બતાવી દીધો. શરીરવિજ્ઞાન ને શરીરની અંદરના પદાર્થોની માહિતી ભારતના ઋષિઓએ સાધનાદ્વારા દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ કરીને મેળવી હતી તેનો પુરાવો આપણને અહીં મળી રહે છે. સાથે સાથે એક વાત યાદ રાખવાની છે કે સુષુમ્ણા નાડીદ્વારા ઊર્ધ્વ ગતિ કરીને અમર થવાના જે માર્ગનો ઉપદેશ યમદેવે નચિકેતાને આપ્યો છે તે યોગમાર્ગ છે, ને નચિકેતાની તે માટેની વિશેષ યોગ્યતાને લક્ષમાં લઇને જ તે ઉપદેશ આપવામાં આવ્યો છે. તેનો અર્થ એમ નથી કે સૌએ તે જ માર્ગે જવું. જેને અનુકૂળ આવે તે એ માર્ગે જઈ શકે છે. બાકી જ્ઞાન અને ભક્તિના બીજા માર્ગ પણ છે. તે સૌનો સાર એ જ છે કે માણસે પરમાત્માને જાણવા ને ઓળખવા. તેમ કરવાથી જ તે મૃત્યુંજય બની શકે છે ને પ્રશાંતિ મેળવે છે.

નચિકેતાનું સદ્ભાગ્ય કે તેને યમ જેવા મહાન ગુરુ કે માર્ગદર્શક મળ્યા. સોનું ને સુગંધ ભેગાં થયાં, લોઢું ને પારસનો સમાગમ થયો. પછી બાકી શું રહે? નચિકેતાએ એ વિદ્યાના પ્રભાવથી નિર્મળતા ને અમરતા મેળવી. જેને તરસ લાગે છે તેને પાણી જરૂર મળે છે. નચિકેતાના જેવી લગન લાગે ને આત્મોન્નતિ કરવાની દૃઢતા જાગે તો માણસને માટે કાંઇ જ મુશ્કેલ નથી. તેને પ્રભુની કૃપાથી જરૂરી માર્ગદર્શક પણ મળી જાય ને તેનું જીવન ધન્ય થાય. આત્મોન્નતિની એવી અદમ્ય આતુરતા અત્યંત આવશ્યક છે.

ઉપનિષદ્ની પરંપરાગત પદ્ધતિ પ્રમાણે આ ઉપનિષદ્ની પૂર્ણાહુતિ પણ શાંતિપાઠથી જ કરવામાં આવી છે.



ૐ સહનાવવતુ।
સહનૌ ભુનક્તુ।
સહ વીર્યં કરવા વહૈ।
તેજસ્વિનાવધીતમસ્તુ।
મા વિદ્વિષા વહૈ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ॥

"અમે સાથે સાથે વિકાસ કરીએ. પમરાત્મા અમારું સાથે રક્ષણ કરો. અમારુ સાથે સાથે પાલન કરો. અમે સાથે સાથે સામર્થ્ય મેળવીએ. અમારું જ્ઞાન તેજસ્વી બનો. અમે કોઇનો પણ દ્વેષ ન કરીએ ને સૌના પર પ્રેમ રાખીએ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(સંપૂર્ણ)

પ્રત્યેક બાળક આ સંસારમાં શ્વાસ લે તે પહેલાં માના ઉદરમાં ઉછરે છે, બહાર આવી સૌથી પહેલાં માની મંગલ મૂર્તિનું દર્શન કરે છે. માના પ્રથમ નામથી બોલતું થાય છે તેથી જ માનું નામ તેને માટે વેદપાઠથી પણ વધારે મહિમા ધારણ કરે છે. એટલે જ માતૃદેવો ભવ। યોગેશ્વરજી

દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.

# અધ્યાત્મનો અર્ક

મૂળ લેખક : યોગેશ્વરજી
સંકલન : ડો. બી. જે. જાગાણી

**પ્રશ્ન :** શાસ્ત્રોમાં મંત્રોના અનુષ્ઠાનો કરવાની સૂચના આપવામાં આવી છે. એ સૂચનાઓને અનુસરીને કેટલાક લોકો જુદી જુદી જાતના અનુષ્ઠાનો કરે છે. એવાં અનુષ્ઠાનોથી આત્મોન્નતિ થઈ શકે ?

**ઉત્તર :** થઈ શકે ને ના પણ થઈ શકે.

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** જુદાં જુદાં અનુષ્ઠાનો મોટે ભાગે શાને માટે કરવામાં આવે છે તે જાણો છો ? એમનો આધાર લેનાર આત્મોન્નતિની આકાંક્ષાથી પ્રેરાઈને એમનો આધાર ભાગ્યે જ લેતા હોય છે. જો આત્મોન્નતિની કામનાથી પ્રેરાઈને એમનો આશ્રય લેવામાં આવે તો થોડા કે વધારે પ્રમાણમાં આત્મોન્નતિ જરૂર થાય, એમાં કશો સંદેહ નથી. અનુષ્ઠાનોનું પ્રમુખ પ્રયોજન એ જ હોવું જોઈએ. જીવનની વધારે ને વધારે શુદ્ધિ સાધીને, મન તેમ જ ઈન્દ્રિયોનો કાબૂ કરીને, પરમાત્માના પ્રેમને પ્રબળ બનાવવાનું, ને છેવટે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને પરમશાંતિમાં પ્રતિષ્ઠિત થવાનું. પરંતુ એ પ્રયોજનને યાદ રાખીને એની પૂર્તિને માટે પ્રયત્નો કરનારા સાધકો ઘણા ઓછા હોય છે. મોટાભાગના સાધકો તો જુદી જુદી આકાંક્ષાઓ રાખીને અનુષ્ઠાનો કરતા હોય છે.

**પ્રશ્ન :** જુદી જુદી આકાંક્ષાઓ રાખીને એટલે ?



**ઉત્તર :** લૌકિક આકાંક્ષાઓ પરમાત્માના સાક્ષાત્કાર સિવાયની બીજી દુન્યવી આકાંક્ષાઓ રાખીને કોઈ ધન, વૈભવ કે ઐશ્વર્ય મેળવવા માટે અનુષ્ઠાન કરે છે, કોઈ સત્તા કે પદ માટે, કોઈ રોગના નિવારણ માટે, કોઈ દીર્ઘ જીવન માટે, કોર્ટના કેસોને જીતવા માટે, પુત્રની પ્રાપ્તિની કે ઈચ્છાનુસાર લગ્નની લાલસાથી, શત્રુને હરાવવા માટે, કોઈક પ્રકારની ખાસ સિદ્ધિ મેળવવા માટે, અને એવી એવી કેટલીય ઈચ્છાઓને પૂરી કરવા માટે એવાં અનુષ્ઠાનો કરતા હોય છે. એમને આત્મોન્નતિની એટલી બધી ઈચ્છા જ નથી હોતી એટલે ગમે તેટલાં અનુષ્ઠાન કરે તોપણ એમના પરિણામે આત્મોન્નતિ કેવી રીતે થાય ? માણસે પોતાના લક્ષ્યને પોતાની મેળે જ ટૂંકું કરી રાખ્યું હોય છે. એથી આગળનું કશું મેળવવાની એની ઈચ્છા જ નથી હોતી. અનુષ્ઠાન કરવાનો આરંભ કરતાં પહેલાં જ એ નક્કી કરી લે છે કે આ અનુષ્ઠાનની મદદથી મારે આ વસ્તુ મેળવવી છે. એને માટેનો સંકલ્પ પણ એ કરી લે છે. એમાં આત્માની ઉન્નતિનો કે આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ પણ એ કરી લઈ શકે, પણ એમાં આત્માની ઉન્નતિનો કે આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ જ ક્યાં હોય છે.

**પ્રશ્ન :** તો શું અનુષ્ઠાનો આત્મસાક્ષાત્કાર કરાવી શકે ?

**ઉત્તર :** એ એમાં મદદરૂપ જરૂર બની શકે.

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** આત્માના સાક્ષાત્કારની ભાવનાને પ્રકટાવીને અને પ્રબળ બનાવીને. કેવળ આત્મોન્નતિને માટે જ કરવામાં આવતાં અનુષ્ઠાનો જીવની શુદ્ધિ સાધીને તથા સાત્ત્વિકતાને વધારીને આત્માભિમુખ થવામાં મદદ કરે છે.

**પ્રશ્ન :** બીજા લૌકિક આશયોવાળાં અનુષ્ઠાનોથી એ આશયો પૂરા થાય છે કે નથી થતા?

**ઉત્તર :** પ્રત્યેક વખતે પૂરા થાય છે જ, એવું નથી હોતું.

**પ્રશ્ન :** કેમ?

**ઉત્તર :** એનાં કારણો કેટલાંય છે. અનુષ્ઠાનની વિધિમાં દોષ, બીજી કોઇ નિયમપાલનની ત્રૂટિ, પ્રારબ્ધકર્મની પ્રતિકૂળતા, એવાં જુદાં જુદાં કારણો કહી શકાય. પરંતુ ધારો કે એ કારણો દૂર થાય ને અનુષ્ઠાન સફળ થાય તોપણ શું? જીવનનો આદર્શ બીજી સામાન્ય કે અસામાન્ય ઇચ્છાપૂર્તિઓ કરતાં ઘણો મોટો છે એ યાદ રાખીને એવી ઇચ્છાપૂર્તિની લાલસાને વધારવા કરતાં, આત્માની ઉન્નતિની અભિલાષાને વધારવાનું જ ધ્યાન રાખવું જોઇએ. જીવનનું કલ્યાણ એમાં જ છે.

**પ્રશ્ન :** મને એક પ્રશ્ન કેટલાય વખતથી ઊઠયા કરે છે. સાધનામાં જ્ઞાન, ભક્તિ તથા યોગના જુદા જુદા અભ્યાસક્રમનું વર્ણન કરવામાં આવે છે તે અભ્યાસક્રમો પ્રમાણે પ્રત્યેક સાધક પોતાની રુચિ તથા પ્રકૃતિને અનુસરીને કોઇપણ એક સાધના–માર્ગનો આધાર લેતો હોય છે. તેથી જીવનનો વિકાસ સધાય છે. પરંતુ જેને જ્ઞાન, ભક્તિ તથા યોગના ત્રણે પ્રકારના માર્ગોમાં રસ હોય તેને માટે કોઇ સમન્વયકારી સાધના–પદ્ધતિ છે ખરી?

**ઉત્તર :** જરૂર છે.

**પ્રશ્ન :** તે પદ્ધતિ કઇ છે તે સંબંધી પ્રકાશ પાડી શકશો?

**ઉત્તર :** જ્ઞાન, ભક્તિ અને યોગની સમન્વયકારી સાધના પદ્ધતિમાં આટલી વસ્તુઓનો સમાવેશ થઇ શકે છે. ૧. નામ–જપ



તથા પ્રાર્થના, ૨. આત્મવિચાર તથા જ્ઞાનના જુદી જુદી જાતના ગ્રંથોનો અભ્યાસ, ૩. યોગના જુદાં જુદાં આસનો, નાડીશોધન જેવી પ્રાણાયામની ક્રિયાઓ, ષણ્મુખી જેવી મુદ્રાઓ ૪. નિયમિત ધ્યાન. એ બધો અભ્યાસક્રમ પરસ્પર મદદરૂપ થાય એવી રીતે ગોઠવી શકાય છે. એને ગોઠવવો જોઇએ.

**પ્રશ્ન :** એવો અભ્યાસક્રમ ગોઠવવામાં મદદ મળે એ માટેનું માર્ગદર્શન આપી શકશો?

**ઉત્તર :** એ અભ્યાસક્રમના અનુસંધાનમાં રોજ સવારે વહેલા બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પહેલાં પ્રાર્થના તથા જપ કરવા જોઇએ. તે પછી આસન, પ્રાણાયામ અને મુદ્રાનો અભ્યાસ કરવો જોઇએ. તે પછીથી જ્ઞાનના ઉત્તમ પ્રેરક ગ્રંથોનો અભ્યાસ કરી શકાય. રોજ રાત્રે વધારે ભાગે જપ તથા ધ્યાન અને પ્રાર્થનાનો આધાર લઇ સકાય. આસન તથા પ્રાણાયામથી શરીર સ્વસ્થ, સુદૃઢ અને નીરોગી બને છે, જપ અને પ્રાર્થનાથી એકાગ્રતામાં મદદ મળે છે, મુદ્રાથી મનની ચંચળતાનું શમન થાય છે, અને ધ્યાનથી મનની શાંતિ તથા આત્માનો સાક્ષાત્કાર સહજ બને છે. આત્મવિચાર અને જ્ઞાનના ગ્રંથોના અભ્યાસથી અંતર્મુખવૃત્તિનો ઉદય થાય છે.

**પ્રશ્ન :** આ બધાં સાધનોનો સમન્વય કરવાથી આત્મવિકાસ-ની સાધનામાં મદદ મળી શકે અથવા એ સાધના ઝડપથી થઇ શકે ખરી? એમાં વહેલી તકે પ્રગતિ કરવાની શક્યતા વધે ખરી?

**ઉત્તર :** એ બધાં સાધનોનો સમન્વય આત્મવિકાસમાં મદદરૂપ જરૂર થાય છે, પરંતુ એથી સાધકની સાધના ટૂંકી થાય છે અથવા ઝડપી બને છે, એવું નથી કહી શકાતું. સાધનાનો અભ્યાસક્રમ એકાંગી હોય છે કે અનેકાંગી અથવા સમન્વયકારી,

તેની શીઘ્ર સફળતાનો સઘળો આધાર લગની, તમન્ના, વિકાસ કરવાની તત્પરતા અને પુરુષાર્થ પર રહે છે. સાધનાને સફળ કરવાની ઉત્કટ આકાંક્ષા સૌને માટે અનિવાર્ય છે. એ સિવાયની સાધના સરળ કે સફળ નથી થઇ શકતી. ટૂંકી પણ નથી બનતી. સાધક ગમે તેવા અભ્યાસક્રમને અપનાવે તો પણ.

**પ્રશ્ન** : વ્યક્તિગત રીતે સાધનાના સમન્વયમાં માનો છો કે કોઇ એક જ પ્રકારની સાધનામાં?

**ઉત્તર** : વ્યક્તિગત રીતે કહું તો મને સાધનાના સમન્વયકારી અભ્યાસક્રમમાં વધારે રસ છે, એવો અભ્યાસક્રમ આકર્ષક અને આશીર્વાદરૂપ લાગે છે, પરંતુ એનો અર્થ એવો નથી કે કોઇ એ પ્રકારની સાધનાને હું નથી માનતો કે એની મહત્તાને નથી સમજતો. કે સ્વીકારતો.

**પ્રશ્ન** : એક જ પ્રકારની સાધનાની મહત્તા શી છે? એથી એનો આશ્રય લેનાર સાધકને શો લાભ થાય છે?

**ઉત્તર** : કોઇ એક જ પ્રકારની સાધનાનો આશ્રય લઇને આગળ વધનારો સાધક સહેલાઇથી આગળ વધી શકે છે. એનું લક્ષ બીજી આવડ વાતોમાંથી કે પેટા વસ્તુઓમાંથી નિવૃત્ત થઇને પોતે પસંદ કરેલી મુખ્ય સાધના પર કેન્દ્રિત થઇ જાય છે. પોતાનો સમગ્ર સમય ને પોતાની સમસ્ત શક્તિ પોતાની રુચિ અથવા પ્રકૃતિ પ્રમાણેના અભ્યાસક્રમ પાછળ શ્રદ્ધાભક્તિપૂર્વક લગાડી શકે છે, અને એને લીધે પ્રમાણમાં ઘણા ઓછા સમયમાં સફળતા મેળવે છે. એની આગળ જે એક જ પ્રકારનો આત્મવિકાસનો નિશ્ચિત અભ્યાસક્રમ હોય છે એની અંદર પૂરતો રસ લઇને એ લાગી શકે છે.



**પ્રશ્ન** : એને લીધે એકાંગી નથી થવાતું? એવું વલણ સર્વાંગીણ વિકાસમાં બાધક નથી બનતું?

**ઉત્તર** : ના, નથી બનતું. ગમે તે પ્રકારના જ્ઞાન, ભક્તિ કે યોગના અભ્યાસક્રમનો આધાર સમજસાથે, નિષ્ઠાપૂર્વક લેવાથી સર્વાંગીણ વિકાસ સાધવામાં મદદ મળે છે. એવો અભ્યાસક્રમ બાધક નથી થતો, પરંતુ સાધક જ થઇ જાય છે.

○

## * નવા ખ્રિસ્તી વર્ષના અભિનંદન *

તા. ૧ લી જાન્યઆરીના રોજ ૨૦૦૨ ના ખ્રિસ્તી વર્ષનો પ્રારંભ થાય છે. તે નિમિત્તે ભગવાન ઇસુ આપણા સહુ ઉપર એમના આશીર્વાદ ઉતારો એવી પ્રાર્થના છે, તેમ જ ધર્મના નામે વિભ્રાન્ત થતાં માનવોને પણ પ્રભુ સદ્‌બુદ્ધિ આપો જેથી આ પૃથ્વીપર આબાદી અને શાન્તિનો સૂરજ સહુ જીવો માટે ઊગે. May God bless every body.

— તંત્રી

# સમાધિપાદ

**યોગાચાર્ય શાન્તિકુમાર ભટ્ટ**

## કેવલ્ય-સમાધિની સાધના

(પાતંજલ યોગસૂત્રોનો સરળ દોહરામાં અનુવાદ)

હવે અમે સમજાવીએ, યોગશાસ્ત્રનું જ્ઞાન,
પૂર્વે યોગીજને કહ્યું, શિષ્યનું રાખી ધ્યાન. ૧-૧-૧
ચિત્તતણી સહુ વૃત્તિઓ, જ્યાં ને ત્યાં અટવાય,
એને રાખે લગામમાં, તેને યોગ કહેવાય. ૧-૨-૨
ચિત્તતણી સહુ વૃત્તિઓ, ઉપર સંયમ થાય,
આત્માના જ સ્વરૂપમાં, ચિત્ત સ્થિર થઈ જાય. ૧-૩-૩
ચિત્તતણી સહુ વૃત્તિઓ, સંયમમાં નવ હોય,
ત્યારે ચિત્ત રૂપો ધરે, જે જે નજરે સ્હોય. ૧-૪-૪
પાંચ વૃત્તિઓ જાણવી, ચિત્તતણી કહેવાય,
એના ક્લિષ્ટ-અક્લિષ્ટ એ, બબ્બે ભેદ પડાય. ૧-૫-૫
પ્રમાણ પહેલી વૃત્તિ છે, બીજી વિપર્યય જાણ,
વિકલ્પ ત્રીજી વૃત્તિ છે, ચોથી નિદ્રા માન. ૧-૬-૬
સ્મૃતિ તે પાંચમી વૃત્તિ છે, પાંચ વૃત્તિ થઈ આમ,
પ્રમાણ નામે વૃત્તિના, ભેદ વળી ત્રણ જાણ. ૧-૭-૭
પ્રત્યક્ષ પહેલું જાણવું, બીજું છે અનુમાન,
વેદશાસ્ત્ર ત્રીજું ગણો, સમજો રાખી ધ્યાન. ૧-૮-૮
જ્ઞાન સાચું એક છે, વિપરીત બીજું જ્ઞાન,
વિપર્યય કહેવાય છે, જ્ઞાનથી ઉલટું જાણ. ૧-૯-૯



જેમાં સાચું કશું નથી, તોપણ સાચું જણાય,
વિકલ્પ એ કહેવાય છે, કલ્પિત કેવળ થાય. ૧-૧૦-૧૦
નિદ્રા તે કહેવાય છે, અવલંબન હીન હોય.
શૂન્ય સમાન બધું દિસે, એવી વૃત્તિ હોય. ૧-૧૧-૧૧
ઇન્દ્રિયથી અનુભવ થયો, ચિત્તમાં તે સ્થિર થાય,
ચિત્તમાંથી જે ખસે નહિ, સ્મૃતિ તેને કહેવાય. ૧-૧૨-૧૨
નિયમન ચિત્તની વૃત્તિનું, અભ્યાસ થકી થાય,
હોય વૈરાગ્ય જો સાથમાં, તો વિજયી જ થવાય. ૧-૧૩-૧૩
ચિત્તની વૃત્તિઓ બધી, જ્યારે સ્થિર થઈ જાય,
ત્યારે તેને યોગીઓ કહે, થયો પૂર્ણ અભ્યાસ. ૧-૧૪-૧૪
દીર્ઘસમય અભ્યાસ જો, સતત કરે નર હોય,
કરે સાધના સ્નેહથી તો, અભ્યાસ દૃઢ હોય. ૧-૧૫-૧૫
તૃષ્ણા ત્યાગે વિષયની સૂણ્યા, જોયા જે કોય,
ચિત્તને વશમાં રાખીને, તે વૈરાગ્ય કહેવાય. ૧-૧૬-૧૬
આત્મજ્ઞાનને પામીને, વૈરાગ્ય દૃઢ હોય,
ત્રિગુણમય તૃષ્ણા થકી, મુક્ત યોગીજ હોય. ૧-૧૭-૧૭

### સંપ્રજ્ઞાત સમાધિ

અસ્મિતા, આનંદ ને, વિતર્ક ને વિચાર,
સમાધિ સંપ્રજ્ઞાતને, પામે હોય જો ચાર. ૧-૧૮-૧૮

### અસંપ્રજ્ઞાત સમાધિ

અંત ધ્યાનના વિષયનો, જેમાં સાવ જ થાય,
અસંપ્રજ્ઞાત સમાધિ, એને સહજ કહેવાય. ૧-૧૯-૧૯
એક સાધક સંસારનો, સદા કરે વિચાર,
બીજો સાધક દેહનો, ભાવથી મુક્ત થનાર. ૧-૨૦-૨૦
શ્રદ્ધા, શક્તિ અને સ્મૃતિ, ચોથી સમાધિ જાણ,
એ સઘળા સાધન થકી, અન્ય યોગ સધાય. ૧-૨૧-૨૧

દૃઢતર હોય સંસ્કાર તો, શીઘ્ર સમાધિ થાય,
ઈશ્વરને શરણે જતાં, સરળ સમાધિ થાય. ૧–૨૨–૨૨
ત્રણ પ્રકારની સાધના, સમાધિની કહેવાય,
હળવી, મધ્યમ, તીવ્ર તે, યોગીજનથી થાય. ૧–૨૩–૨૩
ઈશ્વરને શરણે જતાં, સહજ સમાધિ થાય,
જેને ક્લેશ થતો નથી, તે ઈશ્વર કહેવાય. ૧–૨૪–૨૪
જેને કોઈ ન વાસના, નથી કર્મ–પરિણામ,
પુરુષોત્તમ કહેવાય છે, તે ઈશ્વર કહેવાય. ૧–૨૫–૨૫
આવા ઈશ્વરમાં રહ્યું, અનંત જ્ઞાનનું બીજ,
કાળ થકી પર એ રહે, ગુરુ, અનાદિ, અખંડ. ૧–૨૬–૨૬
નામ પ્રણવ ઈશ્વરતણું, એ જ ખરે ૐકાર,
અર્થસહિત તેનો સદા, જપ સાધક કરનાર. ૧–૨૭–૨૭
વ્યાધિ ક્યારેક આવતા, સંશય ક્યારેક થાય,
આળસ, પ્રમાદ થાય છે, ચંચળતા પણ થાય. ૧–૨૮–૨૮
ક્યારેક ભ્રાન્તિ થાય છે, સ્થિરતા પણ નવ થાય,
ચિત્ત વિક્ષેપ આવા બને, યોગ વિશે અંતરાય. ૧–૨૯–૨૯
ચિત્તતણા વિક્ષેપમાં, દુઃખ–અનુભવ થાય,
મન ઠેકાણે ના રહે, કંપ શરીરે થાય. ૧–૩૦–૩૦
શ્વાસ સરળ ચાલે નહીં, લક્ષણ આવા થાય,
એક તત્ત્વની સાધના, કરી એને રોકાય. ૧–૩૧–૩૧
પ્રસન્ન ચિત્તને રાખવા, છે ઉપાય અનેક,
મૈત્રી, કરુણા સર્વ પર, રહેવું નિત્ય પ્રસન્ન. ૧–૩૨–૩૨
સુખ, દુઃખ, પાપ ને પુણ્યના, વિષયોથી થવું દૂર,
કુંભક પ્રાણાયામ કરો, અથવા શીઘ્ર જ શ્વાસ. ૧–૩૩–૩૩
ધ્યાન ધરે કો વિષયનું, ત્યારે ચિત્ત સ્થિર થાય,
પ્રવૃત્તિમાં ડૂબી જવું, ત્યારે પણ સ્થિર થાય. ૧–૩૪–૩૪



રાગાત્મક વિષયો થકી, મુક્ત ચિત્ત થઈ જાય,
ત્યારે પણ સ્થિર થાય છે, નિઃસંશય એ જાણ. ૧–૩૫–૩૫
સ્વપ્નતણો વિચાર કે, નિદ્રામાં થતું જ્ઞાન,
એમાં ડૂબી જવા થકી, ચિત્ત સ્થિર થઈ જાય. ૧–૩૬–૩૬
મનગમતા કો જ્ઞાનમાં, ધ્યાન પૂરેપૂરું થાય,
ત્યારે ચિત્ત સ્થિર થાય છે, એમ સદાયે જાણ. ૧–૩૭–૩૭
ચિત્ત જ્યારે સ્થિર થાય છે, પરમાણુ વશ થાય,
મહત્ તત્ત્વ પણ યોગીને, ત્યારે વશ થઈ જાય. ૧–૩૮–૩૮
જ્યારે સઘળી વૃત્તિઓ, યોગીની શમી જાય,
સ્ફટિકમણિ સમ તેહનું, ચિત્ત નિર્મળ થાય. ૧–૩૯–૩૯
વિષયોની છાપો પડે, ચિત્તમાં તેના જરૂર,
અલિપ્ત તોપણ તે રહે, મણિની માફક શૂર. ૧–૪૦–૪૦
જેમાં ચિંતન શબ્દનું, અર્થનું, જ્ઞાનનું થાય,
સવિતર્ક એ વૃત્તિ છે, યોગી સમજી જાય. ૧–૪૧–૪૧
પરિશુદ્ધ સ્મૃતિ થાય છે, સ્વરૂપ શૂન્ય થઈ જાય,
નિર્વિતર્ક એ વૃત્તિઓ, ચિત્તતણી કહેવાય. ૧–૪૨–૪૨
નિર્વિતર્ક એ ચિત્ત છે, સમાધિબીજ સહિત,
નિર્વિચાર ચિત્ત રાખવા, યોગીની એ રીત. ૧–૪૩–૪૩
ત્યારે આધ્યાત્મિક રીતે, પ્રસન્નતા થઈ જાય,
ઋતંભરા પ્રજ્ઞા પછી એમાં વિકસી જાય. ૧–૪૪–૪૪
આવી દિવ્ય અનુભૂતિ, જે યોગીને થાય,
અનિષ્ટ ચિત્તસંસ્કાર સહુ, એના અવરોધાય. ૧–૪૫–૪૫
એ સૌના નિરોધથી, સબીજ સમાધિ થાય,

ઈતિ પ્રથમઃ સમાધિપાદઃ

# ભગવાન સાથેનો સંપર્ક કરાવી આપનાર પરિબળો

જ્યોતિબેન થાનકી

પૃથ્વી ઉપર દેહધારી પ્રાણીઓમાં એક માત્ર મનુષ્ય જ એવું પ્રાણી છે કે જેમાં પરમાત્માએ પોતાના અંશ સાથે જાગૃતપણે સંપર્ક થઇ શકે એવી કરામત મૂકેલી છે. આમ તો સમગ્ર બ્રહ્માંડ એ પરમાત્માનો પોતાનો જ આવિર્ભાવ છે. જડ–ચેતન સમગ્ર એમની પોતાની જ અભિવ્યક્તિ છે. બ્રહ્માંડનું એક અણું પણ એમની બહાર નથી. પરંતુ ચેતન સ્વરૂપોમાં તેમની ચેતનાશક્તિ સક્રિય રહેલી છે. એ રીતે વનસ્પતિથી માંડીને જીવ–જંતુ, પ્રાણીઓમાં, અને મનુષ્યોમાં તેમની ચેતનાશક્તિ રહેલી છે. પણ એ ચેતનાશક્તિનું ગઠન દિવ્યતેજોમય સ્ફૂલિંગરૂપે, આત્મારૂપે મનુષ્યમાં થયેલું છે. એકમાત્ર મનુષ્ય જ એ ચૈત્યચેતના, એ દિવ્ય તેજોમય સ્ફૂલિંગ–જેને આત્મા કહે છે, તેનો અનુભવ કરી શકે છે. મનુષ્ય જ એ ચૈત્ય ચેતના સાથે એકરૂપ બની શકે છે, એના પ્રકાશમાં પોતાનું જીવન ઉત્તમ રીતે જીવી શકે છે, તે રીતે બીજાં કોઇ પ્રાણીઓ જીવી શકતાં નથી. આ તો પ્રભુએ મનુષ્યોને આપેલી મોટામાં મોટી બક્ષિસ છે. પણ મનુષ્ય એ ભૂલી ગયો છે. એને એની આ વિશિષ્ટતાની ખબર નથી. પછી કોઇ શુભ પળે એને આછી પાતળી સમજ મળે, અને જો તે પોતાની અંદર રહેલા એ ચૈત્યતત્ત્વનો સંપર્ક કરવા ઇચ્છે, તો કેવી રીતે કરવો? એ માટે ચાર પરિબળો અગત્યનાં છે. આ ચારે ય પરિબળો વ્યક્તિગત રીતે કે એક સાથે સક્રિય થતાં પ્રભુનો માર્ગ ખુલ્લો થાય છે.



## (૧) આંતરિક ઇચ્છા

પ્રભુએ મનુષ્યનું સર્જન કરી તેને એવી બુદ્ધિની ભેટ આપી કે જે શ્રેય અને પ્રેય જાણી શકે. સારું–નરસું વિચારી શકે. ખરું–ખોટું પારખી શકે. આ બુદ્ધિ સાથે પ્રભુએ મનુષ્યને સ્વતંત્રતા આપી દીધી કે તે પોતાના જીવનને જેવું જીવવા ઇચ્છે, તેવું જીવી શકે. મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને પછી પોતાના જીવનને જેવું ઘડે તેવું તેઓ ઘડવા દે છે. તેમાં તેઓ ક્યાંય વિક્ષેપ કરતા નથી. જ્યાંસુધી એમને પોકારી પોકારીને કહેવામાં ન આવે ત્યાંસુધી તેઓ દરેકને પોતપોતાની રીતે જીવવા દે છે અને ચૂપચાપ જોયા કરે છે.

બીજી બાજુ એમણે સ્વયંસંચાલિત એવી વ્યવસ્થા ગોઠવી દીધી છે કે જે વ્યક્તિ જેવું કર્મ કરે, તેવું તેને ફળ મળે. એ પ્રમાણે મનુષ્યને એનાં સારાં–નરસાં કાર્યનું ફળ આપોઆપ મળ્યા જ કરતું હોય છે. જ્યાંસુધી મનુષ્ય ભગવાનની દિવ્ય ચેતના સાથે એકરૂપ નથી થયો ત્યાંસુધી એ મનોમય ભૂમિકામાં હોય છે, ત્યાંસુધી કર્મનો કાયદો તેને અચૂક લાગુ પડે છે. તે પ્રમાણે બધું ગોઠવાતું જ રહે છે. એમાં ક્યાંય કોઇનું કંઇ જ ચાલતું નથી. તેમાં કોઇની લાગવગ કે ભલામણ ચાલતી નથી. એમાં લાંચ આપીને કંઇ ઓછુંવત્તું કરી શકાતું નથી. કોઇ મનુષ્ય પોતાની શક્તિથી એ સિદ્ધાંતને ફેરવી શકતો નથી. રાજા હોય કે રંક, સાધુ હોય કે ગૃહસ્થ, પાપી હોય કે પુણ્યશાળી, તેઓ જેવાં કાર્યો કરશે, તેવું જ ફળ મળશે. રાજા કે પ્રધાન બાવળ વાવીને તેનાપર કેરીના ફળ ઉગાડી શકતા નથી. કર્મનો કાયદો દરેક માટે સમાન છે. તો પછી ખરાબ કાર્યો કરનારને માટે ઉગરવાનો કોઇ ઉપાય જ નહીં? ના. એવું નથી. ઉપાય છે. અને તે છે ભગવાનની કૃપાનો કાયદો.

## કર્મના કાયદામાંથી મુક્ત થવાનો ઉપાય

પ્રભુ કંઈ કઠોર દંડનાયક નથી. એ પ્રમાળ પિતા છે. વત્સલમાતા છે. સહૃદય ભ્રાતા છે. સ્નેહમય સખા પણ છે. એમના કર્મના કાયદાની ઉપર છે, એમનો કૃપાનો કાયદો, કે જે કાયદાને કોઈ જ નીતિનિયમ લાગુ પડતા નથી. જે કાયદાને કોઈ પણ ભેદભાવ નથી. જેઓ એ કાયદાના લાભને પાત્ર બને તેઓ કર્મના કાયદામાંથી મુક્તિ પણ મેળવી શકે અથવા તેની સજા હળવી પણ થઈ શકે. જેમ સુપ્રીમ કોર્ટ ફાંસીની સજા આપી દીધા પછી રાષ્ટ્રપતિને દયાની અરજી કરી શકાય છે. અને જો રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો કૃપા કરી એને માફી બક્ષી જીવતદાન પણ આપી શકે છે. એવી જ રીતે પ્રભુને પણ દયાની અરજી કરવી પડે છે. અને તે તીવ્રભાવે કરવી પડે છે. ભૂતકાળની કરેલી ભૂલોના એકરાર અને તીવ્ર પશ્ચાત્તાપના આંસુઓથી અને નવા સુંદર જીવનની બાંહેધારી આપી એ અરજી કરવી પડે છે. સાચા દિલથી પ્રભુને આજીજી કરવી પડે છે. તે દ્વારા ભગવાનની કૃપાનું અવતરણ થાય છે અને એ કૃપાદ્વારા ગમે તેવું કુમાર્ગે ગયેલું જીવન પ્રભુના માર્ગે વળી શકે છે. ભગવાનની કૃપાનો કાયદો પાપીને સંત બનાવી શકે છે. ડાકુ અને લૂંટારાને મહાત્મા બનાવી શકે છે. આથી કુમાર્ગે ગયેલું જીવન સદાકાળ કુમાર્ગે જ ચાલતું રહેશે, એવું નથી. જે ક્ષણે મનુષ્યને એવા હીન જીવન પ્રત્યે તિરસ્કાર જાગે અને તે એવા જીવનમાંથી મુક્ત થવા આતુરપણે પ્રભુને પોકાર કરે, એ જ ક્ષણે પ્રભુ એના માટે નવજીવનનાં દ્વાર ખોલી આપે છે. પછી તીવ્રતમ આંતરિક ઈચ્છાથી જેમ જેમ તેનો પોકાર ઉત્કટ બને છે તેમ તેમ કૃપાધારા વધુ ને વધુ વહે છે, અને એ વહેતી કૃપાધારામાં તેના ભૂતકાળના કુકર્મોનાં ફળ ધોવાતાં



જાય છે. તેની આંતરિક શુદ્ધિ થવા લાગે છે. તેથી તેની વિવેક-બુદ્ધિ જાગૃત થાય છે. સત્ય જીવનની ઝંખના વધુ ને વધુ તીવ્ર બનવા લાગે છે. તેમ તેમ તે પ્રભુના માર્ગે વધુ ને વધુ આગળ વધે છે. પણ તેના પાયામાં રહેલી છે, આંતરિક ઈચ્છા.

## તીવ્રતમ પોકારની આવશ્યકતા

જો વ્યક્તિની પોતાની આંતરિક ઈચ્છા ન હોય અને તે પ્રભુને ઉત્કટપણે પોકારે નહીં તો પ્રભુ એમ ને એમ બોલાવ્યા વગર આવતા નથી. બહારનું વાતાવરણ ગમે તેટલું ભક્તિપ્રેરક હોય, સંતો અને મહાત્માઓ માર્ગદર્શન આપવા પણ તૈયાર હોય, પણ જો વ્યક્તિની પોતાની સાચી આંતરિક ઈચ્છા ન હોય, અને તે ખાલી દેખાવ પૂરતી ભગવાનની પૂજા–આરાધના કરતો હોય, તો કંઈ ભગવાનનો રસ્તો ખૂલતો નથી. ભગવાનને મળવા માટે ફક્ત ઈચ્છા જ નહીં પણ તીવ્રતમ વ્યાકુળતા હોવી જરૂરી છે. એવી વ્યાકુળતા કે એના વગર રહી જ ન શકાય. શ્રીરામકૃષ્ણદેવ આ માટેનું ઉદાહરણ આપતાં કહે છે કે બાળક રડે છે, ત્યારે મા એને રમકડાં આપે છે. તેનાથી તે છાનું રહી જાય છે. એટલે મા તેને એકલું રમવા દઈને કામે વળગી જાય છે. પણ પછી બાળક એકલું પડે છે કે તે રમકડાં કે ચોકલેટ કશાયથી છાનું રહેતું નથી. બસ તેને તો મા જ જોઈએ છે. જ્યાંસુધી મા તેને તેડતી નથી ત્યાંસુધી તે રડયા જ કરે છે. ત્યારે મા તેને તેડીને વહાલ કરવા લાગે છે. ભગવાન પણ મનુષ્યની જ્યાંસુધી એના માટેની આવી વ્યાકુળતા થતી નથી, ત્યાંસુધી રમકડાં–ચોકલેટ પીપરમીટ વગેરે આપીને મનુષ્યને ભૂલાવામાં નાંખી દે છે, તેઓ પોતે આવતા નથી. પણ જ્યારે મનુષ્ય આ બધા રમકડાં–સિદ્ધિઓ–વૈભવ બધું

ફેંકીને બસ ભગવાનને માટે તીવ્રપણે રૂદન કરવા લાગે છે, ત્યારે તેઓ આવે છે. પણ પછી જ્યાંસુધી ભગવાન ન મળે ત્યાંસુધી આ પોકાર, આ વ્યાકુળતા સતત રહેવી જોઇએ. શ્રી અરવિન્દ આવી ઉત્કટ ઇચ્છાને અભીપ્સા કહે છે. તેમના 'મા' પુસ્તકમાં તેઓ કહે છે કે ભગવાનના સાક્ષાત્કાર માટે બે વસ્તુ જરૂરી છે : એક તો માનવના અંતરમાંથી ઊઠતી અભીપ્સા અને બીજી છે, અભીપ્સા-ના પ્રત્યુત્તરમાં ઊતરી આવતી ભગવાનની કરુણા. આ બેનો સંયોગ સાક્ષાત્કારના માર્ગને એકદમ સરળ બનાવી દે છે. પરંતુ આ અભીપ્સા સતત, એકધારી, સ્થિર અને પ્રભુ પ્રત્યે ઊંચે ને ઊંચે જતી હોવી જોઇએ. જ્યાંસુધી આ અભીપ્સાનો પ્રત્યુત્તર કૃપારૂપે ન મળે, ત્યાંસુધી પોકાર કરતા રહેવાથી, પ્રભુની કૃપા અવશ્ય મળે છે. એ કૃપાથી પ્રભુનો માર્ગ ખુલ્લો જ નહીં, પણ સ્પષ્ટ બને છે.

## આધ્યાત્મિક વ્યક્તિઓનું માર્ગદર્શન

પ્રબળ આંતરિક ઇચ્છા પછી આ માર્ગે પ્રકાશ પાથરનાર બીજું અગત્યનું પરિબળ છે, સત્પુરુષોનું માર્ગદર્શન. અંતરમાં પ્રભુનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા તો જાગી, પણ ખબર નથી પડતી કે પ્રભુને મેળવવા કેવી રીતે? એ માટેનો માર્ગ કયો લેવો? ખરેખર પ્રભુ મળશે ખરા? આવા પ્રશ્નો મનમાં ઊઠવા લાગે છે. કેમ કે માણસનું મન અજ્ઞાનથી ભરેલું છે. શંકા, અવિશ્વાસ, અશ્રદ્ધા એમાં રહેલાં છે. આથી કોઇ શુભ પળે મનુષ્યના અંતરમાં ભગવાન માટેની ઝંખના જાગી ઊઠે, પણ શંકાની હવા એ ઝંખનાના અગ્નિને બૂઝાવી દે છે. એટલે જ જેઓ એ માર્ગે ગયા છે, જેમણે જીવનમાં ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે, એવા મહાત્માઓનું માર્ગદર્શન આપણને ખૂબ જ ઉપયોગી થાય છે.



પરંતુ એમાં પ્રશ્ન એ ઊઠે છે કે આવી આધ્યાત્મિક વ્યક્તિઓને ઓળખવી કેવી રીતે? કેમ ખબર પડે કે આ મનુષ્ય ભાગવત્ ચેતના સાથે જોડાયેલો છે? એમણે ભગવાનનો સાક્ષાત્કાર કરેલો છે. એવી કોઇ સ્પષ્ટ બાહ્યનિશાનીઓ હોતી નથી કે જેના દ્વારા બ્રહ્મવેત્તાઓને ઓળખી શકાય. વળી આવી આધ્યાત્મિક વ્યક્તિઓ કદી પોતાની આધ્યાત્મિકતાની જાહેરાત કરતી હોતી નથી. જ્યાં-સુધી તેમને કોઇ સામે ચાલીને પૂછે નહીં ત્યાંસુધી તેઓ આધ્યા-ત્મિક બાબતમાં મૌન સેવતાં હોય છે. આથી આવી વ્યક્તિઓને ઓળખવી મુશ્કેલ બની જાય છે, પણ અશક્ય તો નથી જ. જેમ સૂર્યનો પ્રકાશ છૂપો રહી સકતો નથી, ફૂલોની સુગધને ગુપ્ત રાખી શકાતી નથી, તેમ આત્માનો પ્રકાશ પણ ગુપ્ત રહી શકતો નથી. આવા મનુષ્યોના વ્યવહાર, વાણી અને કાર્યોમાં દિવ્યતા સહજપણે પ્રગટ થતી જોવા મળે છે. એમના અંતરનો ભાવ, પ્રેમ, સરળતા—સહજતા, નિખાલસતા, સર્વને સ્પર્શી જતાં હોય છે. આ ઉપરાંત તેઓ તેમની આંતરચેતનામાં એવા સ્થિર હોય છે કે બાહ્ય ઘટના-ઓ તેમને વિચલિત કરી શકતી નથી. એક પ્રકારની સ્વસ્થ શાંતિ તેમની સાથે જડાયેલી હોય છે. શ્રીમાતાજી કહે છે કે પ્રભુના આગમનની પ્રથમ નિશાની એ વ્યક્તિત્વમાં ઊતર આવતી પરમ શાંતિ છે. આવી વ્યક્તિઓના સંપર્કમાં આવનારને પણ એ શાંતિ-નો અનુભવ થયા વગર રહેતો નથી. આથી જેમના સાંનિધ્યમાં શાંતિ અનુભવાય, મનનો તાપ કોઇ પણ જાતની રજૂઆત કર્યા વગર જ ઓછો થઇ જાય, અને કોઇ પણ જાતનો ભાર ન લાગે, ત્યારે સમજવું કે એ વ્યક્તિ ભગવાન સાથે સંપર્કમાં છે. ભલે પછી તેનો બાહ્ય પરિવેષ ગમે તે પ્રકારનો હોય, આવી વ્યક્તિઓ આગળ આપણી સમસ્યાઓ, મૂંઝવણો, શંકાઓ રજૂ કરવાથી જે ઉકેલ મળી આવે છે, તે આપણા આંતરવિકાસને અનુરૂપ જ હોય

છે. ભગવાનની ચેતના સાથે તેમનો સંપર્ક હોવાથી એ દિવ્યચેતના આપણા માટે જે ઉકેલ યોગ્ય હોય તે તેમના દ્વારા આપે છે. તો પ્રશ્ન એ થાય છે કે ભગવાન આપણને શું સીધેસીધો ઉકેલ ન આપી શકે? હા, જરૂર આપી શકે. પણ હજુ આપણો ભગવાન સાથે સીધો સંપર્ક થયો નથી, એટલે આપણને ખબર પડતી નથી કે આ ભગવાને આપેલો ઉકેલ છે કે પછી આપણા મનનો કોઇ વિચાર છે. આપણી એ ભૂમિકા નથી એટલે આપણને ખબર પડતી નથી કે આ ભગવાને આપેલો ઉકેલ છે કે પછી આપણા મનનો કોઇ વિચાર છે. આપણી એ ભૂમિકા નથી એટલે બધું ભેળસેળ થઇ જાય છે અને પછી ચોક્કસ પરિણામ આવતું નથી. પણ જેઓ એ ભૂમિકામાં સ્થિર છે, એમના સંપર્કમાં આવવાથી, એમની પાસે માર્ગદર્શન મેળવવાથી આપણને સાચો રસ્તો મળી જાય છે. એકવાર પણ જો અંતરમાં રહેલા ભગવાન સાથે આપણો સંપર્ક થઇ જાય પછી બહારના માર્ગદર્શનની જરૂર પડતી નથી.

બીજું, જેમણે એ રસ્તો જોયો છે, જેઓ તેના પર ચાલીને પોતાના લક્ષ્યાંકે પહોંચ્યાં છે, તેઓ જ કહી શકે કે આ માર્ગમાં કયા કયા પ્રકારની મુશ્કેલીઓ અને જોખમો રહેલાં છે. તેને પાર કરી સહીસલામત રીતે લક્ષ્યાંકે કેવી રીતે પહોંચવું તેનું માર્ગદર્શન પણ તેઓ જ આપી શકે. આથી જ આપણા શાસ્ત્રોમાં આધ્યાત્મિક સાધનામાં જ્ઞાની ગુરુની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સાચા ગુરુ ખૂબ ઝડપથી આ માર્ગે લઇ જઇ શકે છે. તેઓ શિષ્યોના કર્મોનાં બંધનોને ખૂબ ઝડપથી તોડી શકે છે. નારદ-મુનિએ રતના લૂંટારાના અજ્ઞાનના પડળોને દૂર કરી તેને ઋષિ વાલ્મિકી બનાવ્યો. મનુષ્યોને મારીને તેની આંગળીઓની માળા બનાવીને પહેરનારો ક્રૂર હત્યારો અંગુલિમાલ બુદ્ધના સાંનિધ્યથી ભિક્ષુ બની ગયો. ચૈતન્ય મહાપ્રભુના સંગથી ડાકુઓ જગાઇ–



મધાઇ સાધુઓ બની ગયા. આવા અસંખ્ય ઉદાહરણો એ સ્પષ્ટ કરે છે કે સાચા સંત કે મહાત્માના સંપર્કથી ક્રૂરમાં ક્રૂર ગણાતા, પાપીમાં પાપી એવા મનુષ્યોના અંતરમાંથી દિવ્યતા જાગી ઊઠે છે. સંત મહાત્માઓનું સાંનિધ્ય ગમે તેવા મનુષ્યને પણ પરમાત્મા પાસે લઇ જઇ શકે છે. કેમ કે તેમણે તપશ્ચર્યા કરી, એમનો સાક્ષાત્કાર કર્યો છે, એમની દિવ્યતા સાથે અનુસંધાન કર્યું છે, તેથી તેઓ હવે પ્રભુના એજન્ટ બની ગયા છે. દિવ્યતાની નહેર બની ગયા છે. એમના દ્વારા દિવ્યતા સતત વહેતી રહે છે તેથી જેઓ જાગૃત છે, જેમને ઉચ્ચ જીવનની આકાંક્ષા છે, તેમને તેમની સહાય મળતી જ રહે છે.

પ્રભુનો સાક્ષાત્કાર પામેલા, એમની ચેતના સાથે તદ્રૂપ એવા યોગીઓ, સંતો, મહાત્માઓ પોતાની દૃષ્ટિથી, સ્પર્શથી, વાણીથી બીજાઓમાં દિવ્યચેતના જગાડી શકે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસે જગન્માતા સાથે એટલી તદ્રૂપતા સાધી હતી કે તેમના દ્વારા જગન્માતા પોતે જ કાર્ય કરતાં હતાં. તેમના સ્પર્શમાત્રથી વ્યક્તિ-ની આંતરચેતના જાગી જતી હતી. શ્રીરમણ મહર્ષિ બ્રહ્મ સાથે એટલા તદ્રૂપ હતા કે અવ્યક્ત બ્રહ્મ તેમના દ્વારા વ્યક્ત થતું હતું. તેઓ કંઇ ખાસ બોલતા નહીં, પરંતુ તેમની પાસે આવનારાઓ શાંતિથી તેમની પાસે ધ્યાનમાં બેસતા. આ ઊંડા મૌનમાં, ધ્યાનમાં જ આવનારાઓની બધી જ સમસ્યાઓનું નિરાકરણ અશબ્દ રીતે જ થઇ જતું. લોકોના મનમાં અગાધ શાંતિનો અનુભવ થવા લાગતો. શ્રી અરવિન્દ વરસમાં ચાર વખત જ દર્શન આપતા, તે સિવાય કોઇને ય મળતા નહીં. પણ આ દર્શનના દિવસે માત્ર અડધી મિનિટના એમનાં દર્શનથી અને થોડી સેકંડોના એમના સ્પર્શથી, અભીપ્સુ મનુષ્ય પોતાની સામાન્ય ચેતનામાંથી ઉપર

ઊઠીને દિવ્ય ચેતનામાં પહોંચી જતો. આ બધા યોગીઓ આપણા આ યુગના જ છે. આવા સિદ્ધ યોગીઓ અને સાક્ષાત્કાર પામેલા ભક્તો, સંતો આ માર્ગના પથપ્રદર્શક છે. સંસારમાં રહીને પ્રભુને પામવા ઇચ્છતા મનુષ્યોને એમની પાસેથી ઊર્ધ્વ જીવનનું અક્ષય ભાથું મળતું રહે છે. એટલું જ નહીં પણ આ માર્ગમાં ક્યાંય અટવાઇ જવાયું હોય, કે આડે રસ્તે ફંટાઇ જવાયું હોય તો આ પથપ્રદર્શકો મનુષ્યોને ફંટાયેલા માર્ગેથી પાછા વાળીને સાચા રસ્તે મૂકી દે છે. આવા દિવ્ય પથપ્રદર્શકોના સાન્નિધ્યમાં રહેવાથી પછી તો ભૂલા પડવાનો ભય જ રહેતો નથી. એમની જાગ્રત દૃષ્ટિ, એમના વિશાળ હૃદયની કરુણા, એમનો અહેતુક પ્રેમ, સામાન્ય મનુષ્યોને પણ ભગવાનની હાજરીની ઝાંખી કરાવે છે, તેમના દ્વારા વ્યક્ત થતી દિવ્યચેતના દુઃખી, સંસારથી તમ લોકોને સાચી શાંતિ, સાચું સુખ અને સાચા પ્રેમમાં મૂકી આપે છે. અને પછી એમના સંસર્ગમાં આવેલા સામાન્ય મનુષ્યની પણ ભગવાન પ્રત્યે-ની યાત્રાનો પ્રારંભ થઇ જાય છે. પરંતુ આ યુગમાં આવા સાચા સંતોનો સંગ સહેલાઇથી થતો નથી તો શું કરવું? તો એનો પણ ઉપાય છે; તેમના અક્ષરદેહ સાથે એટલે કે તેઓ જે બોધ આપી ગયા છે, તેનો સંગ કરવો. એટલે હવે આવે છે ત્રીજું પરિબળ, શાસ્ત્રો અને પ્રભુનો સાક્ષાત્કાર પામેલા મનુષ્યોએ રચેલા ગ્રંથોનું અધ્યયન. તેના દ્વારા પણ પ્રભુનો માર્ગ પ્રકાશિત થયેલો છે.

('ચાલો ભગવાનને મળવા જઇએ' માંથી)



## * શ્રી યોગેશ્વરજીને અર્પણ *

તમે જ મારા રામ છો પ્રભુજી, તમે જ છો મારા શ્યામ,
મારે હૈયે, મારે હોઠે, શ્રી યોગેશ્વર પ્રભુનું નામ.

કાળી, ઘનઘોર, અંધારી રાત્રિઓમાં, સૂરજ બનીને તમે આવ્યા,
ભૂલાં–ભટકેલાને ભોમિયા બનીને, રસ્તાઓ તમે બતાવ્યા.

તમે જ મારો મારગ પ્રભુજી, તમે જ મારો મુકામ,
મારે હૈયે, મારે હોઠે, શ્રી યોગેશ્વર પ્રભુનું નામ.

વ્હાલ ભરેલી વાણી તમારી, ને આંખોમાંથી અમૃત વરસે,
એક નવજીવન પામ્યો હું, તમારાં સ્નેહાળ સ્પર્શે.

તમારી સેવા, તમારી પૂજા, એ જ હવે મારું કામ,
મારે હૈયે, મારે હોઠે, શ્રી યોગેશ્વર પ્રભુનુ નામ.

— હર્ષદ કે. પટેલ

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯ / ટે. નં. ૬૨૨૬૯

# પાઠશાળા 'મા'ની

દક્ષેશ કોન્ટ્રેક્ટર

પૂ. મા લોસએન્જલસમાં શ્રી ભગવાનજીભાઈ અને કંચનબેનને યજમાન બનવાનું સદ્‌ભાગ્ય ધરી રહ્યાં છે. પૂ. માના સાન્નિધ્યની કામનાથી છેક ટોરેન્ટોથી વિમળાબેન તથા નીરુબેન પણ આવેલ છે. શીપ્રા અને દક્ષેશ તો સાથે જ છે. પૂ. મા લોસએન્જલસની આસપાસનાં જોવાલાયક સ્થાનોની મુલાકાતે અગાઉ મોકલી ચૂક્યાં છે. તેથી હવે આવ્યા છો તો સાન ફ્રાન્સીસ્કો પણ જઈ આવો, એમ કહી બાળકોને એ જોવાનો અવસર પણ ધરે છે. શ્રી મહેન્દ્રભાઈ અને શ્રી સુરેશભાઈ ગાડીના સુકાની બને છે.

યાત્રા દરમ્યાન વિવિધ સ્થળે સુંદર વસ્તુઓ વેચાણ અર્થે મૂકેલી જોવા મળે છે. અહીં તો સૌ પૂ. માનાં બાળકો છે. તો ખરીદી પણ પૂ. માને કઈ વસ્તુ ગમશે અને કયા રંગની ગમશે એ ધ્યાનમાં રાખી જ કરે ને? સૌ પોતપોતાની સૂઝ મુજબ પગે પહેરવા ગરમ ઉનનાં મોજાં, માથે પહેરવાનો હેડબેન્ડ, ગરમ ટોપી, પૂ. માને ગમે એવાં ફળ અને મૌનમાં પૂ. માની વાણીની ગરજ સારતી સ્લેટ–એમ વિવિધ વસ્તુઓ ખરીદે છે. લોસએન્જલસ પરત આવતાં બધું પૂ. માને અર્પણ થાય છે.

સૌ જાણે છે જ કે પૂ. મા પૈસા ચૂકવ્યા સિવાય કોઈ ચીજ લેવાનાં નથી. વળી બધી જ વસ્તુઓ સૌ પ્રથમ પૂ. શ્રી પાસે અર્પણ થયા પછી જ પૂ. મા ગ્રહણ કરે છે. એ મુજબ પૂ. માની પસંદગી પામેલ સ્લેટ અને હેડબેન્ડ, સાથે ગરમ ટોપી પણ પૂ. શ્રીની પાસે મૂકવામાં આવે છે. રાત્રિનો સમય હોવાથી સૌ વિખેરાય છે.

સવારે નિત્યક્રમ મુજબ પૂ. મા ચાલવા માટે નજીકના પાર્કમાં



(Miles Square Park જાય છે. વાદળછાયું અને ધુમ્મસથી ભરેલ વાતાવરણ હોવાથી પૂ. માના શરીરે થોડી તકલીફ પણ થાય છે. અકસ્માત પછી ક્વચિત એવું બનતું રહે છે. બપોરે આ અંગે વાત થાય છે. પૂ. મા કહે માથું પણ દુઃખે છે. ટોપી તો પૂ. માએ પહેરેલી હતી પણ તે જરા મોટી અને સર્વ રીતે અનુકૂળ ન હતી તો બાળકો યાત્રાથી લાવેલા તે નવી ટોપી બધી જ રીતે અનુકૂળ આવે તેવી હતી. તેથી સહજ પૂછાય છે કે મા, તમે નવી ટોપી કેમ ન પહેરી? પૂ. માએ તુરત કહ્યું, સવારે નીકળતાં જ થયું કે ટોપી પહેરું, પણ તરત વિચાર આવ્યો કે હજુ આના પૈસા તો આપવાના બાકી છે. તો કેવી રીતે પહેરાય? એટલે પછી જૂની જ ટોપી પહેરીને આવ્યાં.

સાધનામાર્ગે નિયમોની આવશ્યકતા ઉપર ઘણું બધું લખાયું છે. સાધકો નિયમો તો ઉતાવળે લઈ લે પણ પછી એટલી જ ઝડપે એ તોડતા પણ હોય છે. ઘણીવાર સંજોગો નિયમ રાખનારની કસોટી પણ કરે, ત્યારે સંયમના અભાવે તે નિયમોનું અકાળે અવસાન પણ થઈ જાય. કોઈ જોતું ન હોય ત્યારે કે જોતું હોય ત્યારે લોકોની વચ્ચે હોય કે એકાંત પ્રદેશમાં–નિયમોનું પાલન પ્રામાણિક રીતે થવું જોઈએ. પૂ. માના શ્રીમુખે અને સ્લેટના માધ્યમથી આ બધી વાતો અવારનવાર પ્રસ્તુત થતી રહે છે.

પૂ. માનો નિયમ છે કે પૈસા ચૂકવ્યા સિવાય કોઈ વસ્તુ ન લેવી. તેઓ ધારત તો ટોપી પહેરી બપોરે પણ પૈસા આપી શક્યાં હોત. આપણા સૌનાં મન એવી અનુકૂળતાઓ શોધતાં જ રહે છે. જ્યારે પૂ. મા અહીં અલગ તરી આવે છે. ગમે તે પરિસ્થિતિ હોય–નિયમ એટલે નિયમ. એમાં બાંધછોડને અવકાશ ના હોય. સ્હેજ છૂટછાટ વ્યક્તિને પથભ્રમિત કરી દે છે. પૂ. મા એવો સંદેશ જાણે મૂક રીતે ધરી રહ્યાં છે.

હજારો સાધકોનાં પ્રેરણાસ્રોત એવાં પૂ. માનું જીવન આવું આદર્શ અને પ્રેરણાદાયી જ હોય ને! ચોકસાઈપૂર્વક નિયમો

પાળનાર અને અન્યોને તેવી પ્રેરણા ધરનાર પૂ. માને આપણાં શત શત વંદન.

**શ્રી માના ચરણકમળમાં....**

હે મા
અમારા જીવનમાં તમે સૂર્ય બની પ્રગટયાં છો :
તમારા આગમને અમારા આધ્યાત્મિક જીવનનું પરોઢ થયું છે;
અમે મોહ અને અજ્ઞાનની નિદ્રામાં હતા.
પરંતુ તમે અમારી સમજણની આંખો ખોલી નાંખી છે.
તમારા પ્રેમાળ અને કૃપાળુ સ્વરૂપને અમે હવે અલ્પ,
પણ નીરખવા શક્તિમાન થયા છીએ.
અમારા જીવનમાં તમે વૃક્ષની પેઠે આવ્યાં છો;
તમારા ઘેઘૂર વડલાંની છાંયે અમારા જીવનભરના થાકને ઉતાર્યો છે.
અમારા સર્વ સંતાપો હરી લીધા છે, શીતળતા બક્ષી છે.
અમારા જીવનમાં તમે કિલકિલ ઝરણાંની પેઠે આવ્યાં છો.
અમારા નિસ્તેજ અને રસહીન જીવનને તમે દૈવીજળથી સીંચી તાજગીસભર કર્યું છે; પ્રભુમાર્ગે આગળ વધવા પ્રોત્સાહિત કર્યું છે.
તમે અમારા જીવનમાં મયૂરની પેઠે આવ્યાં છો, અમારા સૂના જીવનઆંગણને તમે પ્રભુના સુમધુર ધ્વનિથી ભરી દીધું છે;
પ્રભુનામનો ગુંજારવ કરવાનું તમે અમને શીખવી દીધું છે.
અમારા જીવનમાં તમે વસંત બનીને આવ્યાં છો.
અમને પ્રભુના રંગે તમે રંગી દીધા છે; સત્કર્મોની સુવાસ બક્ષી છે;
શાંતિ, સંતોષ અને શ્રદ્ધાનાં સુમનો પ્રગટાવ્યાં છે.
તમારાં એ સર્વ સ્વરૂપોને
હે મા
પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.



# રામકથા

(ઓક્ટોબર–૨૦૦૧થી ચાલુ) યોગેશ્વરજી
(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'ના, હમણાં નહિ.' રામે કહ્યું : 'હજુ એ સમય નથી આવ્યો.

'તો પછી હાથે કરીને દુ:ખી થવાનું જ શેષ રહ્યું છે. બીજું શું?' લક્ષ્મણ બોલી ઊઠયો : 'હજુ પણ એ સમય નથી આવ્યો તો ક્યારે આવશે? સીતા તમારા વિરહની વેદનામાં શાંત થશે ત્યારે?'

'લક્ષ્મણ, તું એવું ન બોલ.'

'તો પછી બીજું શું બોલું? પુરુષે સ્ત્રીના હૃદયનો ખ્યાલ પણ કરવો જોઇએ.'

રામ કશું બોલ્યા નહિ એટલે ઊર્મિલાએ કહ્યું : 'સીતાને વનમાં જરા પણ નહિ ગમતું હોય છતાં તમારા આદેશનો અમલ કરવા એ રહેતી હશે એ સાચું કહું છું. એણે જન્મીને તથા તમને વરીને તમારા સંયોગ કરતાં તમારો વિયોગ જ વધારે વેઠયો. મને એનો વિચાર કરીને દુ:ખ થાય છે. છતાં એ ખૂબ જ સમજુ ને હિંમતવાળી છે એટલે પોતાની પીડાને શાંતિપૂર્વક સહી રહી હશે.'

રામે અશ્વમેધ યજ્ઞ કર્યો.

એ વખતે સીતાની જરૂર પડી તો એમણે સીતાની સોનાની મૂર્તિ બનાવીને પોતાની બાજુમાં બેસાડી.

લક્ષ્મણે એ જોઇને કહ્યું : 'એના કરતાં સીતાને જ બોલાવી લોને!'

'સીતાને નહિ બોલાવી શકું.' રામે કહ્યું : 'પરંતુ એના પ્રત્યે મને જે અપાર પ્રેમ છે તેને પ્રકટ કર્યાવિના પણ મારાથી નહિ રહી શકાય. આ મૂર્તિ એટલા માટે જ તૈયાર કરાવી છે.'

**અયોધ્યા તરફ**

રામના અશ્વમેધ યજ્ઞ પહેલાં, વરસો, પહેલાં, મહર્ષિ વાલ્મિકી-ના આશ્રમમાં એક અગત્યનો બનાવ બની ગયો.

સીતાએ લવ અને કુશને જન્મ આપ્યો.

કાળક્રમે એ બંને બાળકો મોટા થયાં.

રૂપ તથા ગુણની મૂર્તિ જેવાં એ બાળકો રામની સુધારાવધારા સાથેની સુંદર આવૃત્તિ જેવા હતા.

એમને નિહાળીને સીતાના મનમાં રામનાં સુખદ સંસ્મરણો તાજાં થતાં અને એને શાંતિ મળતી.

મહર્ષિ વાલ્મિકીએ કોઈક અદૃષ્ટ પ્રેરણાથી પ્રેરાઈને એમને રામના જીવન પરનું રચેલું પોતાનું મહાકાવ્ય કંઠસ્થ કરાવ્યું.

સીતા તથા રામનું પુર્નમિલન કરાવવાના અકસીર ઉપાયનો વિચાર કરીને, દસેક વરસના એ બંને કિશોરોને એમણે અયોધ્યાની શેરીઓ ને સડકો પર જઈને એ મહાકાવ્યને સુંદર સંગીતના સ્વર સાથે ગાવાનો આદેશ આપ્યો.

એમના આદેશાનુસાર લવ અને કુશ વિદાય થયા.

સીતા તથા મહર્ષિ વાલ્મિકીએ એમને શુભાશિષ આપ્યા.

લવ તથા કુશનું અસાધારણ સૌન્દર્ય જોઈને તથા સુધામય સંગીત સાંભળીને અયોધ્યાવાસીઓ મુગ્ધ બની ગયા.



રામના જીવનના શ્રવણ મંગલ ઈતિહાસને અક્ષર દેહમાં આલેખાયેલો જોઈને એમની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

દર્શનાર્થી કે જિજ્ઞાસુઓનાં ટોળેટોળાં લવ તથા કુશની પાછળ પાછળ ફરવા લાગ્યાં. એવી રીતે કેટલાક દિવસો વીતી ગયા એટલે એ સમાચાર મંત્રીઓદ્વારા રામને પહોંચ્યા.

મંત્રીઓએ ઉત્સાહપૂર્વક કહ્યું : 'એક જ રૂપરંગના એ બંને કિશોરો કોઈ દેવકુમારો જેવા દેખાય છે. એમની સુંદરતા અનોખી છે.'

'અને એમનો કંઠ પણ એટલો બધો મીઠો અને મોહક કે વાત નહિ. એમાંથી છૂટતા સંગીત સ્વરો સૌના હૈયાને હરી લે છે. એ તમારી જીવનકથાને અત્યંત સુંદર રીતે ગાઈ બતાવે છે એ જોઈને સંદેહ જાગે છે કે આ તે કોઈ સિદ્ધ અમર મુનિવરો છે કે શું?'

રામે એ સાંભળીને એમને જોવાની ને સાંભળવાની ઈચ્છા બતાવી.

એમની ઈચ્છાનું સત્વર પાલન કરવામાં આવ્યું.

રાજ્યસભામાં દૂરથી દાખલ થતાં લવ અને કુશને નિહાળીને રામનું હૃદય ઉછળી પડયું. એમનો આત્મા એમના પ્રત્યે આકર્ષાવા લાગ્યો. એમને માટે એમના અંતરમાં એક પ્રકારના અવર્ણનીય ઉત્કટ અનુરાગનો ઉદ્ભવ થયો. એમને થયું કે આ બંને કિશોરો કોના હશે? જેના હશે તે પિતા ખરેખર બડભાગી હશે પરમ સુખી હશે. મારું સુખ તો સીતાની સાથે વનમાં ગયું છે. પરંતુ મને આ બાળકો માટે આવો અભૂતપૂર્વ અનેરો ભાવ કેમ થઈ રહ્યો છે? એમને જોતાંવેંત જ ભેટી પડવાનું મન કેમ થઈ આવે છે?

રામે પોતાના મનને મજબૂત રાખ્યું, હૃદયને રોકી રાખ્યું, ને કિશોરોનો સુંદર શબ્દોમાં સત્કાર કરીને પૂછ્યું : 'જે કવિતાથી તમે સૌનાં મનને મુગ્ધ કર્યાં છે તે કવિતા આ સભામાં ગાઈ સંભળાવશો?'

'જરૂર ગાઈ સંભળાવીશું.' લવ અને કુશે કહ્યું : 'અમારા ગુરુએ અમને એ સૌ કોઈને ગાઈ સંભળાવવાનો આદેશ આપ્યો છે.'

'તમારા ગુરુ કોણ છે?'

'મહર્ષિ વાલ્મિકી. અમે એમના આશ્રમમાં રહીએ છીએ. આ કવિતા એમની રચેલી છે. એમના અનુગ્રહથી જ અમે એને કંઠસ્થ કરી છે. એમણે જ અમને સંગીતસ્વર સાથે એનું શિક્ષણ આપ્યું છે.'

'મહર્ષિ વાલ્મિકીએ?'

'હા.'

'એમણે મારા જીવનને કેવી રીતે જાણ્યું?'

'એમણે પરમાત્માનો અનુગ્રહ મેળવ્યો હોવાથી એમને માટે કશું પણ અશક્ય નથી એવી અમારી શ્રદ્ધા છે.'

રામની આગળ સીતાની શાંત છતાં કરુણ મૂર્તિ હાજર થઈ. એને પણ મહર્ષિના આશ્રમ પાસે જ છોડી દેવાયેલી. આ કિશોરો કદાચ એના તો નહિ હોય?

એટલામાં તો લવ અને કુશે ગીત આરંભ્યું.

રામ અને સભાસદો એની સ્વરસુધામાં ડૂબી ગયા.

ગીત સાંભળીને સૌ કૃતાર્થ થયા. (ક્રમશઃ)

## * માયા કેવી રીતે તરાય? *

માયાનું મૂળ આશ્રયસ્થાન મન છે અને મનનો સંયમ શી રીતે સાધવો એ સવાલ છે. આજથી નહીં પરંતુ યુગોથી, સંસ્કૃતિના ઉષઃકાળથી એ સવાલ સામાન્ય અને અસામાન્ય માનવને સતાવી રહ્યો છે. એનાં ઉકેલનાં સાધનો અનાદિકાળથી શોધાઈ રહ્યાં છે.

સ્વાનુભવસંપન્ન, સ્વનામધન્ય સંતો તથા શાસ્ત્રોએ એને માટે બે પ્રકારની પદ્ધતિઓ રજૂ કરી છે. એક પદ્ધતિ આત્મજ્ઞાનની પરંપરાગત પાવન પદ્ધતિ છે. એ પદ્ધતિ પ્રમાણે પ્રત્યેક માનવ મૂળભૂત રીતે શુદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, પરમાત્મસ્વરૂપ છે. સૂર્યની ઉપર વાદળ આવી જાય ને સૂર્ય એનાથી થોડા વખતને માટે ઢંકાઈ જાય પરંતુ વાદળ સૂર્યને વિકૃત નથી કરતું અથવા સૂર્ય પર એની વિપરીત અસર પણ નથી થતી. વાદળ હઠી જતાં સૂર્યનું દર્શન સુસ્પષ્ટ બને છે, એવી રીતે અવિદ્યાનું મોહમય આવરણ હઠવાથી શુદ્ધબુદ્ધ મુક્ત આત્માનો સ્વાનુભવ શક્ય કે સહજ બને છે. અવિદ્યાને લીધે જ માનવ પોતાના વાસ્તવિક સ્વરૂપને ના સમજવાથી પોતાને દીન—હીન, પતિત, બદ્ધ અને અશાંત સમજે છે.

માયામાંથી મુક્તિ મેળવવા બીજી પદ્ધતિ સર્વાન્તર્યામી સર્વેશ્વર પરમાત્માની શરણાગતિની છે. પરમાત્માની પરમ સનાતન શક્તિ આપણી અંદર અને બહાર સર્વત્ર વિદ્યમાન છે, એવો અડગ આત્મવિશ્વાસ રાખીને એનું સાચા ભાવે, સર્વતોભાવે શરણ સ્વીકારવામાં આવે, ચિંતન—મનન, નિદિધ્યાસન કરવામાં આવે અને એની સહાયતા માંગતા એના અસાધારણ અનુગ્રહની અભિલાષા સેવવામાં આવે તો સાધકનું કામ સરળ બને છે. ઈશ્વરની કૃપાથી એનો માર્ગ મંગલ ને મોકળો થાય છે. પોતાના શરણાગત ભક્તની સર્વ પ્રકારે, સંપૂર્ણપણે **ઈશ્વર સંભાળ** રાખે છે. યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * વિદ્યા–અવિદ્યાનો સમન્વય *

વિદ્યા અને અવિદ્યા બંને એકદમ અલગ વસ્તુઓ છે. જેમની વચ્ચે કોઈ પણ પ્રકારે, કોઈ પણ પ્રકારનો સમિલનસેતુ ના બંધાય? શાસ્ત્રજ્ઞાન કે આત્મવિદ્યા અને ભૌતિક કે લૌકિક વિદ્યાઓ પરસ્પર વિરોધી દેખાતી હોવા છતાં પણ એમની વચ્ચે અવિરોધ નથી. આપણે ત્યાં પ્રાચીન કાળથી એક પ્રકારના વિદ્વાનો કે વિચારકો કેવળ આત્મજ્ઞાનને જ જીવનના આત્યંતિક અભ્યુદયને માટે અગત્ય આપે છે. તો બીજા પ્રકારના વિદ્વાનો કે વિચારકો લૌકિક વિદ્યાઓને જ ભૌતિક અભ્યુત્થાનને માટે આવશ્યક લેખે છે. બંને પ્રકારના વિચારકો એકમેકને ઉપેક્ષાની નજરે પણ નિહાળે છે. ઉપનિષદ્, અધ્યાત્મવિદ્યા અને લૌકિક વિદ્યા વ્યક્તિગત અને સમષ્ટિગત જીવન વિકાસમાં પોતાની રીતે આવશ્યક છે તેવું મંતવ્ય રજૂ કરે છે. અધ્યાત્મવિદ્યાની અભિરુચિવાળા કેટલાય માનવો આધ્યાત્મિકતાના નામે લૌકિક વિદ્યાઓનો અથવા ભૌતિક સમૃદ્ધિ અને સમુન્નતિનો તિરસ્કાર કરે છે અને લૌકિક વિદ્યાઓમાં કે સાંસારિક સમૃદ્ધિ અને સમુન્નતિમાં માનનારા આધ્યાત્મિકતાની અવજ્ઞા કરે છે, ને હાંસી ઊડાવે છે. આદર્શ સામાજિક જીવનના એ બંને ભયસ્થાનો છે અને એમાંથી ઊગરવાનું આવશ્યક છે. ભૌતિક વિકાસની અવહેલના થાય છે ત્યાં ભૌતિક રીતે માનવ પછાત રહી જાય છે, કંગાળ થાય છે, દૈન્યનો ને પરાધિનતાનો શિકાર બને છે, અને મૃતપ્રાય બનીને જીવે છે. એથી ઊલટું, ભૌતિકતામાં રચ્યોપચ્યો રહેનારો આધ્યાત્મિકતાની અભિરુચિવિનાનો માનવ આત્મા વિનાના શરીર જેવો લાગે છે. માટે જ એ બંનેને સમુચિત ન્યાય કરવાની કે સ્થાન આપવાની અથવા એમનો સમન્વય સાધવાની આવશ્યકતા છે. યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.